# કોડિયું

વર્ષ : ૭૨ માર્ચ: ૨૦૧૯ અંક : ૦૮

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | તેઓ મારા ગુરુ છે | - ભાણદેવજી | ૩૧૭ |
| ૦૨ | ગાંધીજીની આત્મસાત ’રામ’ | - દિનુ ચુડાસમા | ૩૧૮ |
| ૦૩ | નાનાભાઈના પત્રો | - નીતિન ભટ્ટ | ૩૨૧ |
| ૦૪ | ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર વાર્ષિક અહેવાલ | - સુરસંગ ચૌહાણ | ૩૨૩ |
| ૦૫ | ખેડૂતોને યે સવારે વોકીંગની જરૂર કેમ પડવા માંડી ? | - હીરજી ભીંગરાડિયા | ૩૪૮ |
| ૦૬ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૩૫૧ |


### ◆ સૂચના ◆

☛ ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

### ◆ લેખ મોકલવા માટે ◆


‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


### ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


### ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

### ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

સમગ્ર દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઊજવણી હમણાં ૨૮મી ફેબ્રુઆરીએ મોટાભાગની શાળાઓમાં અને લોકવિજ્ઞાન કેન્દ્રોમાં કરવામાં આવી. વિજ્ઞાન અને વૈજ્ઞાનિક વલણો-અભિગમ વચ્ચેનો ભેદ મોટાભાગના લોકો સમજી શકતા નથી. રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઊજવણી ખાસ કરીને જીવનમાં વૈજ્ઞાનિક વલણોની-અભિગમની અભિવ્યકિત અને વ્યવહાર માટેના પ્રચાર-પ્રસાર-સમજ માટે છે. ભારતમાં વિજ્ઞાન ઘણું વિકસ્યું છે પણ વૈજ્ઞાનિક અભિગમની સમજ બહુ અલ્પ વિકસી છે અને માટે ભારત દેશ ગરીબ છે.

જીવનમાં પાર વગરની સમસ્યાઓ છે, મૂંઝવણો છે. આ મૂંઝવણોમાંથી માર્ગ કેમ કાઢવો ? મૂંઝવણો-સમસ્યાઓનું પગેરું પકડીને તેના સ્વરૂપને સમજીને ઉપાય જાણી શકાય. વૈજ્ઞાનિક તારણ એવું છે કે કોઈપણ સમસ્યાનો ઉકેલ અચૂક હોય જ છે. આપણે મસમોટી ભૂલ એ કરીએ છીએ કે હકીકત-વાસ્તવિકતા અને મૂંઝવણ વચ્ચેનો ભેદ સમજી શકતા નથી. નકકર હકીકતોનો ઉકેલ ન જ હોય, તેનો તો સહર્ષ સ્વીકાર કરવાનો જ હોય. મૂંઝવણનો તો માર્ગ નીકળે જ. દા.ત. રાત-દિવસની ઘટના. રાત્રે અંધારું થાય છે. તો રાત-દિવસ કેમ થાય છે તેની પાછળ પડીને દુઃખી નથી થવાનું !! તેનો તો સ્વીકાર કરવાનો છે. સમસ્યા અંધારુ થવું એ છે. તો અંધારાની સમસ્યા દૂર કરવાની છે, રાત-દિવસ થાય છે તે સમસ્યા નથી, એ તો હકીકત છે. જીવનમાં રહેલા ખાલીપો, અભાવો, અપૂર્ણતા વગેરેમાંથી ઈચ્છાઓ જન્મે છે. આ દુઃખોના મૂળમાં રહેલી ઈચ્છાઓ આપણા વૈજ્ઞાનિક અભિગમ-વલણોના અભાવામાંથી જન્મે છે. આથી સુખનું સરનામું જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો એ છે. આપણે જીવનમાં હકીકતો (ફેકટસ)ને સ્વીકારીને તેને સહયોગ આપવાનો છે. સમસ્યાઓ કે મૂંઝવણોને સમજીને તેને વૈજ્ઞાનિક વલણો દ્વારા દૂર કરવાની છે. હકીકતે જયારે આપણે આ હકીકતોને માત્ર સ્વીકારીએ તેટલું પૂરતું નથી, જો તેને સમર્પિત થઈ જશું તો સુખ સહજ પ્રાપ્ત થશે. ખોવાએલી વસ્તુ ત્યાંથી જ મળી શકે જયાં તે ખોવાઈ હોય. જીવનની મુશ્કેલીઓ, દુઃખો, મૂંઝવણો, અજંપો વગેરે તો જ દૂર થઈ શકે જો જયાંથી એ ઉદ્‌ભવે છે ત્યાંથી તેનો ઉકેલ કરવામાં આવે. આવું વલણ એ જ વૈજ્ઞાનિક અભિગમ. આપણે વિજ્ઞાન અને ટેકનોલોજીનો જો સર્જનાત્મક-રચનાત્મક લાભ લેવો હશે તો જયાં સુધી જીવનના તમામ ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ નહીં અપનાવીએ ત્યાં સુધી એ શકય નથી.

આથી સાચું અને સહજ સુરાજય સ્થાપવા માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા સિવાય છૂટકો નથી.

— અરુણ દવે

## (૦૧) તેઓ મારા ગુરુ છે

- ભાણદેવજી

ભગવાન આદિ શંકરાચાર્યે આ પૃથ્વી પર અદ્વૈતવેદાંતની દૃઢ પ્રતિષ્ઠા કરી છે. હિન્દુધર્મનું નવિનીકરણ અને પુનઃપ્રતિષ્ઠાનું મહાન શ્રેય તેમને જ પ્રાપ્ત થાય છે. આ મહાન કાર્યની વ્યાપક પ્રતિષ્ઠા માટે ભગવાન શંકરાચાર્યે ભારતભરમાં અપરંપાર પદયાત્રાઓ કરી છે. આ ક્રમમાં એકવાર તેઓ વારાણસીમાં બિરાજમાન થયા છે. નિત્યક્રમ પ્રમાણે એકવાર તેઓ ગંગાસ્નાન કરવા માટે નીકળે છે. વારાણસીના રસ્તાઓ પ્રમાણમાં ખૂબ સાંકડા છે, તે તો સર્વ વિદિત છે. ભગવાન શંકરાચાર્ય સ્નાન કરીને આવા જ એક સાંકડા રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા.

તે વખતે એક ચાંડાલ પોતાના ચાર કૂતરા સાથે તેમની સામે આવ્યો. તે કાળમાં ધર્મનિષ્ઠ હિન્દુઓ ચાંડાલ અને કુતરાના સ્પર્શ વર્જ્ય ગણતા હતા. તદનુસાર ભગવાન શંકરાચાર્ય તેમના સ્પર્શથી બચવા માટે શીઘ્રતાપૂર્વક રસ્તાની એક બાજુ સંકડાઈને ઊભા રહી ગયા.

તે ચાંડાલબંધુ ભગવાન શંકરાચાર્યને ઓળખી ગયા અને એમ પણ સમજી ગયા કે ભગવાન શંકરાચાર્ય પોતાના સ્પર્શથી બચવા માટે રસ્તાની એક બાજુ સંકડાઈને ઊભા રહી ગયા છે.

હવે બોલવાનો વારો તે ચાંડાલ બંધુનો છે,

“મહારાજ ! આપે અદ્વેત વેદાંતની પ્રતિષ્ઠા કરી છે અને આપ સર્વત્ર અદ્વૈતવેદાંતનો પ્રસાર કરી રહ્યા છો. આપનું આ આચરણ આપના આ અદ્વૈતદર્શન સાથે સુસંગત જણાતું નથી. કયાં આપનું અદ્વૈતદર્શન અને કયાં આપની આ આભડછેટ !”

ભગવાન શંકરાચાર્ય તેમની વાત સાંભળીને વિચારમાં પડી ગયા. ચાંડાલબંધુ પોતાનું વક્તવ્ય આગળ ચલાવે છે-

“આપ વિચારો છો અને એમ વિચારીને મારાથી દૂર રહો છો કે મારા સ્પર્શથી આપ અપવિત્ર બની જશો ? તો ભગવાન ! મારો પ્રશ્ન છે- મારા સ્પર્શથી કોણ અપવિત્ર બનશે ? આપનું શરીર કે આપનો આત્મા ? શરીર તો મારું અને તમારું બંનેનું પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ- આ પાંચ તત્ત્વોનું બનેલું છે. બંનેની રચના સમાન છે. તો કોણ કોનાથી અભડાય છે ? અને આત્માની વાત કરતો હો તો આત્મા તો બંનેમાં સમાન છે અને સદાસર્વદા વિશુદ્ધ છે. આત્મા શું સ્પર્શમાત્રથી અપવિત્ર બની શકે ? આપનો અદ્વૈતસિદ્ધાંત શું કહે છે ? આપના અદ્વૈતદર્શન પ્રમાણે અહીં દ્વૈત જ નથી તો કોણ કોનાથી અભડાય છે ? આપ કૃપા કરીને મને સમજાવશો ?”

ભગવાન શંકરાચાર્ય આ ચાંડાલબંધુની વાણી સાંભળીને સ્તબ્ધ બની ગયા ! સમજી ગયા કે પોતે જે અદ્વૈતવેદાંતના દાર્શનિક પક્ષની વાત કરે છે, તે જ અદ્વૈતવેદાંતના વ્યાવહારિક પક્ષની વાત જ સામે ઊભેલા ચાંડાલબંધુ કરી રહ્યા. ભગવાન શંકરાચાર્ય પોતાની ભુલ સમજી ગયા.

ભગવાન શંકરાચાર્યે જ્ઞાન દૃષ્ટિથી તે મહાનુભાવની સામે જોયું અને જિજ્ઞાસા પણ થઈ કે આ મહાનુભાવ ખરેખર કોણ છે ?

ભગવાન શંકરાચાર્ય તો જ્ઞાની પુરુષ છે, દૃષ્ટિવાન પુરુષ છે. તદનુસાર તેઓ પોતાની જ્ઞાનદૃષ્ટિથી ઓળખી ગયા કે ચાંડાલના પરિવેશમાં સામે ઊભેલા મહાનુભાવ અન્ય કોઈ નથી, પરંતુ વારાણસીપુરીના અધિષ્ઠાતા સાક્ષાત ભગવાન શિવજી જ છે.

ભગવાન શંકરાચાર્યે ભગવાન શિવજીને પ્રણામ કર્યા અને પછી તુરત ભગવાન શિવજી અંતર્ધાન થઈ ગયા.

તદનંતર તુરત ભગવાન શંકરાચાર્યને એક સુંદર કાવ્યની સ્ફૂરણા થઈ અને તદનુસાર તેમણે ‘મનીષા-પંચક સ્તોતની રચના કરી.

પાંચ શ્લોકના આ સુંદર કાવ્યનો એક સુંદર શ્લોક

**(અનુસંધાન પાના નં. ૩૨૦ ઉપર)**

## (૦૨) ગાંધીજીને આત્મસાત 'રામ'

**- દિનુ ચુડાસમા**

ગાંધીજીમાં એકરૂપ રામનામની વાત માંડતા પહેલા રામકથાના ગાયક પૂજ્ય મોરારિબાપુએ 'રામતત્ત્વ'નો મહિમા ગાતા કહ્યું એ આપની સમક્ષ વિનયપૂર્વક રાખું છું:

**'રામનામ કલ્પવૃક્ષ છે. રામનું નામ મહામંત્ર છે. રામતત્ત્વની ચિનગારી હરિનામના દીવડાઓ પ્રગટાવે છે. રામકૃપા આષાઢી મેઘ નથી, બારમાસી મેઘ છે. રામકૃપા અમૂર્ત, વ્યાપક અને સર્વકાલીન છે. રામને પામવામાં અહલ્યાની ધીરતા અને શબરીની પ્રતીક્ષા જોઈએ. જેમણે છેલ્લા માણસને ગળે લગાવ્યા છે, એને રામ દોડીને ગળે લગાવે છે. મારો અનુભૂત પ્રયોગ છે કે રામકથાથી સંવેદના પ્રગટ થઈ શકે છે.'**

પ્રેમ મારગના યાત્રી, સત્ય શોધક ગાંધીજી એક ઉમદા વૈજ્ઞાનિક હતા. એમણે જે સત્યના પ્રયોગો કર્યા તેમાં એમના વૈજ્ઞાનિક હોવાની છપ્પન ગજની ધજા વિશ્વમંદિર ઉપર લહેરાય છે. બાપુનું જીવન જ પ્રયોગશાળા સમું દીસે છે. એમની બુદ્ધિમાં વિજ્ઞાન હતું, અને હૃદયમાં 'રામ' મંત્ર હતો, એટલે કે વિજ્ઞાન + આધ્યાત્મ = મોહનદાસ કરમચંદ ગાંધી. ગાંધીજીની જીવન સાધનાની અખિલાઈ સ્વામી આનંદના મુખે સાંભળો તો ખરા !

એકવાર શ્રીરામ ચિંચલીકરે સ્વામી આનંદને પૂછયું હતું :

**'તમે ગાંધીજી તરફ શી રીતે ખેંચાયા ?'**

સ્વામી આનંદ : **'સાધુઓની સંગતમાં મેં વર્ષો સુધી વિવિધ પ્રકારના તપ કરેલાં. તે વખત સુધીમાં પ્રકાશિત થયેલાં 'ગીતા' વિશેના સેંકડો પુસ્તકો મેં ઉથલાવી નાખેલાં. આ માણસ એવો લાગ્યો, જે કહેતો હતો તે કરતો હતો.'**

ચાલો, આપણે અલખના ઓટલે પલાંઠી મારતા, શ્વેત વસ્ત્રધારી સાધુ ગાંધીજીને આસ્થાપૂર્વક નિરખીએ.

નાનપણમાં દાસી રંભાએ અંધારાથી ડરતા નાનકડા મોહનને 'રામ' નામ મંત્રરૂપે આપેલો ત્યારથી અભયની પ્રાપ્તિ સુધીના માઈલોના માઈલોની સફર ગાંધીજીએ 'રામ' નામ લેતા સત્યના સથવારે પાર કરી હતી. રંભાએ આપેલ રામનામનો જપ-સહજ સુમિરન બાપુના અંતિમ શ્વાસ સુધી સાથે હતો, બાપુએ જ કહેલું કે :

**'રામનામ હૃદયસ્થ થઈ ગયું હોય તો જ્યાં સુધી હૃદય ચાલે ત્યાં સુધી હૃદયમાં રામ નામ ચાલતું રહેવું જોઈએ.'**

દાસી પણ ગુરુમંત્ર આપે તે મોહન સેવી, આચરણમાં ઊતારી મહાત્મા બને છતાં જાળવી રાખે એ ગાંધી-જીવતરનું આધ્યાત્મિક સોંદર્ય કહેવાય. ગાંધીજીમાં રામનું રટણ ભીતર ઓગળી ગયું હતું, બાપુ કેવી રીતે મરતા સુધી રામનામ લે એ કરુણ ઘટના જોઈ, ભાવ સેવીએ તો અધિક આસ્થા અંતરમાં ઊતરશે.

ગાંધીજીના શારીરિક જીવનનો છેલ્લો દિવસ-કાળઘડી, અંતિમ પળ આ રહીઃ-

તા.૩૦-૦૧-૨૦૪૮, શુક્રવાર, સમય સાંજ ૫:૧૦ થયો છે એ દિવસે ગાંધીજીને પ્રાર્થનામાં જવાનું મોડું થઈ ગયું હતું. ૫:૧૦ મિનિટ. આભા અને મનુબહેનનો ટેકો લઈ ગાંધીજીએ ચાલવા માંડયું. એવામાં એક સેવકે આવી બાપુને કહ્યું :

**'બાપુ, કાઠિયાવાડથી બે ભાઈઓ આવ્યા છે. આપને મળવાનો સમય માંગે છે.'**

**ગાંધીજી : 'એમને કહો કે પ્રાર્થના પછી મળવા આવે. જો જીવતો હોઈશ તો એમને મળીશ.'**

બાપુએ આગમવાણી કહી, પ્રાર્થના સ્થળમાં પ્રવેશ કર્યો. લોકોના સમૂહે માર્ગ આપ્યો, લોકોનું અભિવાદન ઝિલતા હાથ જોડેલા બાપુ બે-ત્રણ પગલાં વ્યાસપીઠ તરફ ચાલ્યા ત્યાં એક જુવાન ભૂરા રંગના કપડા પહેરેલો, કોણીઓ વડે ટોળામાં માર્ગ કરતો ગાંધીની આગળ આવી ઊભો.. એ હાથ જોડી બોલ્યો : **'નમસ્તે બાપુ.'... એ જોઈ મનુબહેને કહ્યું : 'ભાઈ, બાપુને પ્રાર્થના માટે મોડું થયું જ છે..'**

ત્યાં તો એ યુવાને રસ્તામાંથી મનુબહેનને હડસેલી

દૂર કરી, એના હાથમાંથી માળા અને થૂંકદાની પડી ગયા. લોકોનું ટોળું કાંઈ સમજે એ પહેલાં જુવાને બંદૂક કાઢી ત્રણ ગોળી ધડાધડ ગાંધીજીની છાતીમાં ધરબી દીધી, બે ગોળી ગાંધીજીની છાતીની આરપાર નીકળી ને એક ગોળી ફેફસામાં અટકી ગઈ, ૭૮ વર્ષના ગાંધીજીનો પહેલી ગોળીએ ઉંચો થયેલો પગ નીચે આવ્યો, બીજી અને ત્રીજી ગોળી વાગી ત્યારે બાપુ એના પગ ઉપર ઊભા હતા.. મુખમાંથી 'રામ' બોલી નીચે પડયા. પ્રાણ જતા હતા ત્યારે એમના મુખ પર શાંતિ હતી.. બાપુએ છેલ્લો શ્વાસ છોડયો સમય ૫:૧૭ મિનિટ ૩૦-૦૧-૧૯૪૮ અંતિમ શ્વાસે પણ 'રામ' આજીવન રામતત્ત્વનું માહ્યલામાં ભળી ગયાની છડી પોંકારી ગયું અને આપણે પૂર્ણશ્રદ્ધાથી કહી શકીએ મૃત્યુ પછી પણ બાપુનો આત્મા રામનામનો અજપાજાપ જપતું હશે. ગાંધીના શબ્દોમાં એમના દિલની સફાઈ દષ્ટે પડે છે જુઓઃ

**'દિલની સફાઈ રામનામ વગર ન થાય. રામનામનું ફળ મેળવવાને તે જપતી વખતે તમારે તેમાં લીન થઈ જવું જોઈએ અને તમારા આખા જીવન વહેવારમાં તે દેખાવું જોઈએ. હૃદયથી રામનામનું સ્મરણ કરીએ તો તે અસદ્ વિચારને ભગાડી મૂકે છે. રામ જયારે જીભેથી ઊતરીને હૃદયમાં વસે ત્યારે જ તેનો પૂરો ચમત્કાર જણાય છે. હૃદયમાં વસેલા ઈશ્વરનું જે ક્ષણે માણસને ભાન થાય છે તે જ ક્ષણે તે ત્રિવિધ તાપમાંથી મુકત થાય છે.'**

ગાંધીજી જીવનપર્યત કર્મશીલ, અસત્યથી દૂર રહી માનવસમાજને નૂતન રાહ ચીંધતા સંવેદનશીલ અને શ્રદ્ધાવાન મનુષ્ય હતા. બધા જ ધર્મો તરફનો આદર ગાંધીજીના વર્તનમાં જોવા મળતો, સર્વધર્મ પ્રાર્થના આશ્રમમાં થતી, દરેક ધર્મના લોકો અલગ અલગ પ્રાંતના માણસો સાથે નિવાસ કરતા, બધા બાપુની નિશ્રામાં સમભાવથી માનવધર્મને અંતરમાં એકરૂપ કરી મનુષ્યત્વને વિકસિત કરવાના જીવનકર્મમાં નિમગ્ન બની જતા. સાદગી અને સુઘડ જીવનશૈલી એટલે ગાંધીવિચારધારા. ગાંધીદર્શનની ગળથૂંથી જે માણસ પચાવી જાય તેને પછી જીવનનો સાચો મારગ મળી જાય છે.

સત્યના પ્રયોગો કરનારા બાપુને માટે 'રામ' એટલે પરમતત્ત્વ, બાપુને માટે 'રામ' એટલે પરમસત્ય, બાપુને માટે 'રામ' એટલે સ્થિતપ્રજ્ઞ અવસ્થા, બાપુને માટે 'રામ' એટલે સાધનશુદ્ધિ, બાપુને માટે 'રામ' એટલે ભયથી અભય તરફની યાત્રા. બાપુને માટે 'રામ' એટલે અંતિમ માણસ સુધી પહોંચવાની ખેવના. બાપુને માટે 'રામ' એટલે રકતપિતના દર્દીઓની સેવા ચાકરી કરવી. બાપુને માટે 'રામ' એટલે સૌના માહ્યલામાં રહેલા અવિનાશી પરમાત્માને પ્રાર્થનામય બની આદર આપવો. 'રામ' મહામંત્રનું એમણે આજીવન અનુષ્ઠાન કરેલું, ખૂણે બેસીને ખૂબ ઝીણું કાંતેલું બાપુના ખૂણાનું નૂર આ રહ્યું :

**'રામનામનું અમૃત આત્માને આનંદ આપનારું અને દેહના રોગોને હરનારું છે. રામને છાજે એવી સેવા ન થતી હોય તો રામનામનું રટણ મિથ્યા છે. રામનામનો માનનારો દેહને કદી પોતાનું સર્વસ્વ ન માને, ઈશ્વરની સેવા કરવાને આપણને આ એક ઉમદા સાધન મળેલું છે એમ માને. બૂરા વિચારો તમારા મનમાં આવે છે ? કામ અને લોભ તમને સતાવે છે ? એ દશામાં રામનામ જેવો બીજો કીમિયો નથી. રામનામ ને રામકૃપા એ જ આત્માર્થીને છેવટનું સાધન છે.'**

ગાંધીજી પ્રાર્થનાનો પાયો એટલે 'રામ' અને એ 'રામ' મંત્ર બાપુને વિપરિત પરિસ્થિતિમાં આરામ આપતો, ગાંધીજીને ઊર્જાથી સભર કરવામાં 'રામ' નામ સુમિરન નોળવેલ સમું હતું. બાપુનું આધ્યાત્મિક જગત 'રામ' નામના ગેરુઆ રંગથી રંગાયેલ હતું. અનેકવિધ કાર્યો કરવા છતાં બાપુના ચહેરા ઉપરનું નૂર કાંઈક અનન્ય કળાતું. ૨૪ કલાકમાંથી ૨૦ કલાક સુધી કર્મશીલ રહેતા ગાંધી પ્રસન્ન જોવા મળે. કર્મજ્ઞ ગાંધીમાં 'રામ' નામનું સત્ત્વ, તેજ એમને ઊર્ધ્વમૂલ યાત્રા કરાવતું કેટલાંયે કામોની કતારો વચ્ચે બાપુ પ્રાર્થનામય બની જતા. ભીતરની સભાનતા, ક્ષણેક્ષણની જાગૃતિ બાપુમાં હતી એનું સરનામું જો મેળવવું હોય તો બાપુની ગિરા સાંભળી પડે :

**'રામનામ પારસમણિ કરતાં કેટલું અમૂલ્ય છે ! નામસ્મરણ તે પોપટિયા ન હોવું જોઈએ, પણ આત્માના ઊંડાણમાંથી આવવું જોઈએ. રામનામ કલ્પનાનું ભૂત નથી. એનો નાદ હૃદયમાં ઊઠવો જોઈએ. રામભકત અને**

**સ્થિતપ્રજ્ઞમાં ભેદ ન હોય. પ્રથમ રામનું શરણ સ્વીકારો એટલે બાકીનું બધું પાછળથી તમને મળી રહેશે. રામનામથી માણસમાં નિર્મોહતા અને સમતા આવે છે. અને અણીને વખતે તે પાટા ઉપરથી ઊતરી પડતો નથી. રામનામનું રટણ કરવાની શરતો જે પૂરી કરે છે. તેમને જ તે સહાયરૂપ થાય છે.'**

અતૂટ શ્રદ્ધા, અડગ આસ્થા ગાંધીજીને 'રામ'નામમાં હતી. ભીતરને સભર કરતા 'રામ' વિશે બાપુની કેફિયત કાન દ્વારેથી હૈયામાં પ્રવેશ પામે તો આપણે અનુભૂતિ થશે શા માટે એક સુકલકડી જેવો, સ્નાયુબદ્ધ માણસ અખૂટ ઊર્જામય હતો.. એની સર્વ ઔષધિનું નામ 'રામ' સ્મરણ હતું. બાપુની જબાન છે :

**'રામબાણ દવા તો જગતમાં એક જ છે તે રામનામ. રામનામ અંતરમાંથી નીકળે તે માટે નિયમપાલનની જરૂર રહે છે, અને ત્યારે જ માણસ નિરોગી થાય. જેઓ આત્મશુદ્ધિને માટે જરૂરી નિયમપાલનને માટે તૈયાર હોય તેમને માટે જ રામનામનો ઇલાજ છે. શરીરના તેમ જ મનના સર્વ આધિવ્યાધિને માટે રામધૂન રામબાણ ઇલાજ છે. જે પોતાના દિલથી રામનું નામ રટે છે તેને તપ અને સંયમ સહેલાં થઈ જાય છે અને તંદુરસ્તીના ને તેને સાચવવાના નિયમનું પાલન તેના સ્વભાવનું અંગ બને છે.'**

નાનપણમાં રંભાભાઈએ રોપેલું બીજ 'રામનામ' ગાંધીમાં આજીવન ભીતરથી કોળતું, ખીલતું રહ્યું એની સુંગધ પ્રસરતી જ રહેતી; ગેરુઆ રંગે રંગાયેલો માણસ બાળક જેવો નિર્દોષ હોય, એનું હૃદય પવિત્ર, એમની ચાલ લયબદ્ધ, એમનું બોલવું ધીરગંભીર, એમનું પ્રત્યેક કર્મ યજ્ઞકર્મ, એની દરેક ક્ષણ, અનમોલ, એનો કાન સૃષ્ટિના સાદને પીતો હોય, અબોલને પ્રેમ કરતો હોય, વર્તનમાં વિવેક, અભિપ્રાયમાં નિરક્ષીરપણું દાખવે, છેવાડાના માણસને મળવા સામે ચાલી જાય, એ ખુલ્લા મનનો સત્ય શોધક હોય, જે વિચારે એ બોલે ને બોલે તેવું જીવે, એમનો સંકલ્પ માણસને અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જવાનો હોય, રોગીને નિરોગીતાનો મંત્ર આપે, એમના હાથમાં સાવરણો પણ શોભે અને વૈશ્વિક મંત્રણા સમયે બોલપેન પણ નસીબવંતી બની જાય. એમનું ભાષણ નહી જીવનકાર્યો અભિવ્યકત થતા રહે. એમનો પ્રવાસ યાત્રા બની રહે. એમનું દર્શન શાશ્વત હોય.. આ સઘળી લાક્ષણિકતા ગાંધીમાં હતી માટે કહેવાનું મન થાય કે જે કદી અપ્રસ્તુત ન બની શકે એવો માણસ એટલે મહાત્મા ગાંધીજી. છેવટે બાપુનું દર્શન રાખી અટકું :

**'રામનામને માનનારો દેહને કદી પોતાનું સર્વસ્વ ન માને, ઈશ્વરની સેવા કરવાને આપણે આ એક ઉમદા સાધન મળેલું છે એમ માને. કોઈપણ રૂપમાં હૃદયથી ઈશ્વરનું નામ લેવું, એ એક મહાન શક્તિનો આધાર લેવા બરાબર છે. એ શક્તિ જે કરી શકે છે, તે બીજી કોઈ શક્તિ નથી કરી શકતી. એની સરખામણીમાં અણુબોમ્બ પણ કશી વિસાતમાં નથી.'**

●---------●●●--------●●●---------●

મધુબન સોસાયટી, જેસર રોડ, ખોડલ પાનવાળી ગલી, મું. સાવરકુંડલા, જિ. અમરેલી, પીનઃ ૩૬૪૫૨૫

## (અનુસંધાન પાના નં. ૩૧૭ ઉપરથી)

અહીં પ્રસ્તુત છે. આ શ્લોક દ્વારા ભગવાન શંકરાચાર્ય આ પ્રસંગમાંથી જે બોધ પામ્યા તેનું સુચારુ કથન છે.

**b/½vahimd. jgCc s k l. icNma5ivStairt. svR**
**cEdiv´yai5gúya™x8. Mya kiLptm\|**
**{T4. ySy dRa mit: suqtrepreinmRe**
**ca~Dal o™Stu s tu**
**iµ jo™Stu gurirTy8a mnI8a mm||**
**- mnI8ap.ck; Ê**

"હું બ્રહ્મ છું અને આ સમગ્ર જગત મારા ચિત્તનો જ વિસ્તાર છે. આ સમગ્ર સૃષ્ટિ ત્રિગુણાત્મિકા અવિદ્યાને લીધે મારા દ્વારા કલ્પિત છે. આવી જેમની દૃઢ મતિ છે અને જેમની મતિ આનંદસ્વરૂપ નિર્મલ પરમ તત્ત્વમાં પ્રતિષ્ઠિત છે, તેઓ ચાંડાલ હોય કે બ્રાહ્મણ હોય, પરંતુ તે જ ગુરુ છે, આવી મારી મતિ છે."

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૩) નાનાભાઈના પત્રો

**- નીતિન ભટ્ટ**

(નાનાભાઈએ આ પત્ર પુત્ર પ્રવીણ અને તેમનાં લગ્નની વાત જેમની સાથે ચાલતી હતી તે ઈન્દુબહેન પાઠકને લખ્યો છે. નાનાભાઈને અપરણિત કન્યાની કેટલી ખેવના હતી તે સ્પષ્ટ થાય છે.)

એજન્સી. સેન્ટ્રલ. પ્રિઝન રાજકોટ
૧૩-૦૪-૧૯૪૪

ચિ.બચુ તથા કુમારી ઈન્દુ,

આ કાગળ તમને બંનેનાં સંયુક્ત નામથી હું લખું છું તેનો પણ અર્થ છે.

તમે બંને હવે એક બીજાને ઠીકઠીક ઓળખતાં થયાં છો. તમે બંને એકબીજાના સ્વભાવને પણ જાણી શક્યાં છો. આજ સુધીમાં તમે અનેકવાર અંદર અંદર તમારા ભવિષ્યના વિચારો જાણી લીધા હશે જ. હવે તમારે લગભગ નિર્ણય કરવાનો કાળ આવી ગયો છે એમ મારું માનવું છે. મારો પોતાનો એવો વિચાર છે કે હવે તમારું વેવિશાળ જાહેર થવું જોઈએ. થોડા મહિના ઉપર જ્યારે શ્રી હરિભાઈએ (ઈન્દુબહેનના પિતા) મને એ લખેલું ત્યારે મેં જણાવ્યું કે એ વેવિશાળ માટે ઈન્દુ અને બચુ નક્કી કરે. આજે પણ મારો અભિપ્રાય તો એ જ છે. પણ તમને આ બાબતમાં મારે માર્ગદર્શન કરવું તે હવે મને ધર્મ લાગે છે.

તમે એકબીજાના સારા પરિચયમાં આવ્યાં છો. તમે એકબીજા સાથે છૂટથી હરીફરી શકો છો. ઈન્દુ આપણે ઘરે આવીને પણ ત્રણ દિવસ રહી ગઈ. કદાચ સગવડ હોય તો આ વખતે પણ રજામાં આંબલા આવવાનું મન કરે. આ બધા સંજોગોમાં હવે તમારું વેવિશાળ જાહેર થવું જ જોઈએ. હવે જો તમારે નિર્ણય કરવામાં વિલંબ ન હોય તો નિર્ણય કરી લો. બીજી કાંઈ આંટીઘૂંટી હોય તો એને ઉકેલો, પણ વેવિશાળ જાહેર કરવાની તૈયારી કરો. તમે બંને આજે જે રીતે વર્તો છો તે રીતે વર્તો અને વેવિશાળ જાહેર ન થાય તો હરિભાઈ અને દેવીબહેનની (ઈન્દુબેનના માતા) વ્યવહારમાં શી દશા થાય તેનો પણ ખ્યાલ તમારે કરવો ઘટે. તમારું વેવિશાળ બહાર ન પાડવાની હઠ લો તો કેમ ચાલે? બચુએ સમજવું જોઈએ કે આવા સંજોગોમાં કન્યાનાં મા-બાપે બહુ બહુ વેઠવું પડે છે. તમે નાનાં છો એટલે તમને હું લખું છું તેનો ખ્યાલ પણ કદાચ ન આવે.

તમે બંને એકબીજાને ચાહો છો એમ હું સમજ્યો છું છતાં વધારે સારાની આશામાં અને આશામાં ખેંચ્યા કરવું એ ધર્મ નથી.

આ સંબંધમાં ઘણું વધારે લખાય એમ છે પણ શું લખું? તમે બંને થોડું લખ્યું ઝાઝું વાંચ્યું ગણી લેશો.

છતાં વેવિશાળ જાહેર ન કરવું એવો તમારો બંનેનો આગ્રહ હોય તો હાલ તુરતને માટે તમારો મળવાનો સંબંધ બંધ કરો. કરવો જોઈએ. મારી વાતમાં તમારે હરિભાઈની તથા દેવીબહેનની સલાહ લેવી હોય તો લેશો. વેવિશાળ કરવામાં હું છૂટો થાઉં તેની પણ રાહ જોવાની જરૂર નથી. તમે બંને નિર્ણય કરીને હરિભાઈને જણાવો એટલે એ પોતાનો માર્ગ શોધી લેશે. જો તમે નક્કી કરો તો અને હરિભાઈને સગવડ હોય તો તમે બંને, હરિભાઈ તથા દેવીબહેન મને મળવા માટે સાથે જ આવો અને મારી રૂબરૂ નક્કી કરી ચારેય જણ સીધાં ભાવનગર જાઓ અને મોટાભાઈને ઘરે બધું ગોઠવો. તમારી વાત ખીલે બાંધો એટલે પછી હરિભાઈ પોતાની સગવડ પ્રમાણે ગોઠવી લેશે. મારી રૂબરૂ તમારો એકરાર થાય એટલે હું નચિંત થાઉં.

ઈન્દુ, તને કદાચ આ પત્રથી ધ્રાસકો તો લાગશે પણ તારે નિર્ણય આપતાં પહેલાં બે વાર વિચારવું. બચુની સાથે જીવનમાં જોડાવું છે કે કેમ તેનો વિચાર કરજે. મારો બચુ સો ટકા સારો હોય પણ જો તને એની સાથે નહીં ફાવે

એમ લાગે તો તારે બેધડક થઈને ના પાડવી. તું ના પાડીશ તેથી મને જરાય માઠું નહીં લાગે. આપણે ત્યાં સ્ત્રીઓ એવી હિમ્મત બતાવે એ તો હું ઇચ્છું છું. પરંતુ જો તને મારી વાત સાચી લાગે તો તારે બચુને પણ આગ્રહ કરવો. માટે બરાબર વિચાર કરજે. તારા મા-બાપની સલાહ લે જ, તારી ગોઠણોને પૂછજે ને પછી નિર્ણય કરજે. વેવિશાળ વજવ્યા પછી પણ લગ્ન પહેલાં તમે છૂટાં પડી શકો છો. પણ એ તો માત્ર શબ્દોમાં સમજવું. આપણા સમાજમાં વેવિશાળ નાનું લગ્ન જ છે.

તમારો જવાબ તો રૂબરૂ જ મળશે ના? જો આ નિર્ણય માટે બચુને અમદાવાદ બે દિવસ વધારે રોકાવું હોય તો જરૂર રોકાય. બચુની બા તો મને આ વેવિશાળ માટે દોઢ વર્ષથી આગ્રહ કર્યા જ કરે છે. મનુભાઈ તથા વિજયાબહેન પણ ચાંદલા જલદી થવા જોઈએ એમ માને છે ને મને લખ્યા કરે છે.

જો તમને યોગ્ય લાગે તો સૌ સાથે મને મળવા આવો. હરિભાઈ-દેવીબહેનને સગવડ ન હોય તો તમે બંને આવો. વાગ્દાન મારી રૂબરૂ થયા પછી વિધિ ભાવનગર પતાવવાનો.

બચુભાઈ, તું ક્યારે આવીશ તે ચોક્કસ કરીને મને જણાવજે.

તારો નાનાભાઈ

## તસવીર -ગાથા

- મૂકેશ પંડિત

### સ્નેહને ક્યાં સીમાડા હોય છે...?



નર અને નારી વચ્ચે જ ચોકઠા ગોઠવાઈ જાય અને તેને ‘પ્રેમ’ નામ આપવામાં આવે, તે તો માત્ર શરીરનું આકર્ષણ માત્ર હોઈ શકે... ખબર નથી? કોઈ પણને કોઈપણ સાથે લાગણી લાગે તે ખરો પ્રેમ, ખરો સ્નેહ... માણસ, પશુ કે પક્ષી ! વારાણસી ગંગાના ઘાટ પર એક પ્રવાસી વિદેશી મહિલા કૂતરા સાથે, હા... આપણાં દેશી કૂતરા સાથે કેવી થાપલીઓ મારીને વ્હાલ આપી રહી છે.. સ્નેહને ક્યાં સીમાડા હોય છે...?

## (૦૪) ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર વાર્ષિક અહેવાલ
## (જાન્યુઆરી - ૨૦૧૮થી ડિસેમ્બર - ૨૦૧૮)

---

- સુરસંગભાઈ ચૌહાણ

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર સંસ્થાના **વાર્ષિકોત્સવ અને નવનિર્મિત સભાગૃહ અને ભોજનાલયના મુખ્ય મહેમાન** એવા સૌના આદરણીય અને પોતીકા જણાતા એવા લોકશ્લોકના સેતુ સમાન સરળ, સ્નેહાળ અને ભાંગ્યાના ભેરુ એવા **પૂ.મોરારીબાપુ,** આદ. શ્રી અરુણભાઈ દવે, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, અમારા નિમંત્રણને માન આપી પધારેલ સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો અને પરિવારજનો અને વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો.

**-:શ્રદ્ધાંજલિ:-**

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર સંસ્થાનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં ગાંધી પરિવારના સભ્ય સ્વાતંત્ર્ય સેનાની સ્વ.પ્રભુદાસ છગનદાસ ગાંધીનાં મોટાં દીકરી સ્વ. ઈન્દિરાબેન હિંમતભાઈ ગોડા, લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના ભૂતપૂર્વ આચાર્યશ્રી સ્વ. જિતેન્દ્રસિંહજી ગોહિલ, ગ્રામદક્ષિણામૂર્તિના શુભેચ્છક પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા સ્વ.હિંમતભાઈ પારેખ, ગ્રામદક્ષિણામૂર્તિના શુભેચ્છક અનિલભાઈ શ્રીધરાણીનાં ધર્મ પત્ની સ્વ.જ્યોતિબેન શ્રીધરાણી, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના કાર્યકર શ્રી પિનાકીનભાઈ પંડ્યાના પિતાશ્રી સ્વ.જશવંતરાય પંડ્યા, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા/મણારના ભૂતપૂર્વ ટ્રસ્ટી, જાણીતા સર્વોદય કાર્યકર સ્વ.નરેન્દ્રભાઈ ઝવેરી, પૂ.નાનાભાઈ ભટ્ટના પુત્ર સ્વ.ડૉ.પ્રવીણભાઈ ભટ્ટ (નિવૃત્ત અમેરીકા યેલ યુનિવર્સિટીના વાયરસ સંશોધન વિભાગના વડા) પૂ. નાનાભાઈ ભટ્ટના જમાઈ સ્વ.દિનેશભાઈ પાઠક, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા લોકશાળાના શિક્ષક શ્રી મુકેશભાઈ મહેતાના પિતા સ્વ. વૃજલાલ મહેતા તેમજ હાલમાં જ આપણા ટ્રસ્ટીશ્રી મધુકરભાઈ પારેખ અને પીડીલાઈટના કંપનીના બોર્ડ ઓફ મેમ્બર સ્વ. કાન્તાબેન બળવંતરાય પારેખ સહિતના આપણા બૃહદ્ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણા સૌ વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**-:નવનિયુક્તોને આવકાર:-**

આંબલામાં હા.સે.કેમ્પસના ગૃહપતિ તરીકે શ્રી મહેશભાઈ સાબડિયા, અને ગુજરાતી-હિન્દીના પ્રવાસી શિક્ષક તરીકે શ્રી કૈલાસબેન ઓળકિયા, તેમજ મણારમાં હોર્ટીકલ્ચર રીચર્સ સેન્ટરમાં શ્રી પ્રફુલ્લાબેન, શ્રી કનુભાઈ ચૌહાણ, શ્રી યુવરાજભાઈ ગઢવી, શ્રી નરેન્દ્રભાઈ મકવાણા, શ્રી વિરાટભાઈ, શ્રી કરણભાઈ નવનિયુક્ત થયાં છે, તેમને આવકાર સાથે અભિનંદન/શુભેચ્છાઓ.

**-: સંસ્થાના વિભાગનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં કેટલાંક સમૂહના સમાચારોની એક ઝલક:-**

૧. ગત સાલના તા. ૦૯મી જાન્યુઆરીના રોજના ઉજવાયેલા વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન આદ.શ્રી ભાણદેવજી હતા. તેઓએ વ્યાખ્યાન આપેલ. નિયામકશ્રીએ બન્ને સંસ્થાનો અહેવાલ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન સાથે રજૂ કર્યો. બીજી સભામાં વાલી સંમેલન તથા બન્ને સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો. તે વાર્ષિકોત્સવનો ખર્ચ પૂર્વ વિદ્યાર્થી શ્રી મનહરભાઈ વાઘાણી તથા શ્રી રમેશભાઈ વાઘાણી તરફથી મળેલ છે.

વાર્ષિકોત્સવમાં આંબલા- મણાર સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધેલ. સાથો સાથ આંબલાના વયમર્યાદાને લીધે સેવા નિવૃત થયેલ આચાર્ય શ્રી ભાનુભાઈ ભટ્ટ તેમ જ સર્જનાત્મક શિક્ષક શ્રી અશોકભાઈ ડાભીને આદ. ભાણદેવજીના હસ્તે શાલ અર્પણ કરી નિવૃત્ત જીવન માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ.

૨. આંબલામાં શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન નીચે લોકશાળા કેમ્પસનું રસોડાનું, મહેમાનરૂમનું, તથા બહેનોના છાત્રાલયમાં સેનેટરીનું નવીનીકરણ કરવામાં આવેલ સાથો સાથ શ્રી ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા ટ્રસ્ટ, સંચાલિત ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાના કેમ્પસ પર પ્રાર્થના હોલ (ડોમ) બાંધવા માટે સાંસદશ્રી મનસુખભાઈ માંડવિયાને શ્રી અરુણભાઈએ દરખાસ્ત કરેલ. આ દરખાસ્તને ધ્યાને લઈ શ્રી મનસુખભાઈ માંડવિયાએ ઈફકો કંપનીને પોતાની CSR ભાવનગર જિલ્લાની પાંચ લોકશાળાને આપવાનું જણાવેલ. આ દરખાસ્તને આધારે ઈફકો કંપનીના સહયોગથી આંબલામાં પ્રાર્થના હોલ (ડોમ) બનાવવાનું મંજૂર કરેલ અને તેની અંદાજીત કિંમત રૂા.૩૧,૦૦,૦૦૦/- થાય છે. જેનું કામ પૂર્ણ થયેલ છે. સમગ્ર નવીનીકરણમાં આર્થિક સહયોગ આપણા ટ્રસ્ટી શ્રી મધુકરભાઈ પારેખ (પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ) રહ્યો છે.

૩. મણારમાં વોર્ટર કન્ઝર્વેશન પ્રોજેક્ટ અંતર્ગત પીડીલાઈટની સહાયથી બે જે.સી.બી., ત્રણ ટ્રેક્ટર, એક પાણીનું ટેન્કર, અને એક મિકસર મશીન સંસ્થાને મળેલ છે. આ પ્રોજેક્ટમાં આજુબાજુનાં ગામોમાં ચેકડેમ બનાવવા તેમજ તળાવો ઊંડા કરવામાં આવ્યાં છે. મણારનું મોટું તળાવ ઊંડું ઉતારવામાં આવેલ, તેમજ જમીનમાં માટી પાથરીને ૩૦ થી ૩૨ વીઘા જમીન નવસાધ્ય કરવામાં આવી.

૪. મણાર વોર્ટર ઈનસેટીવ (સુજલામ સુફલામ કાર્યક્રમ) પ્રોજેક્ટ અંતર્ગત આજુબાજુના માંડવા, તરસરા, સથરા, બેલા, દીવલી, અને સોંસિયા ગામોમાં ચેકડેમ બનાવાવામાં આવેલ.

૫. મણારમાં ગૌશાળામાં એક તેમજ એક વર્કશોપ સેટ ઊભો કરવામાં આવેલ છે.

૬. પીડીલાઈટની આર્થિક સહાયથી વિકસી રહેલા મણારના કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રમાં રૂા.૩.૫૦ કરોડના ખર્ચે ખેડૂત તાલીમ હોલ, ખેડૂત હોસ્ટેલ, પ્રયોગશાળા, અને સ્ટાફ ક્વોર્ટરનું બાંધકામનું કામ ચાલુ છે. આ કેન્દ્રની મુલાકાતે અનેક મહેમાનો તથા ખેડૂતો આવે છે અને પ્રેરણા મેળવે છે.

આ કેન્દ્રનો લાભ આજુબાજુનાં ગામનાં ખેડૂતોને ખૂબજ થયો છે. આ કેન્દ્ર દ્વારા ૧૭ ખેડૂત સભા તથા પ્રેરણાપ્રવાસનું આયોજન કરી ખેડૂતોને માહિતી પૂરી પાડવાનું કામ ખૂબ જ સરસ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટના ઈનચાર્જ ડૉ.વીરેન્દ્રસિંહ તથા તેની ટીમને અભિનંદન.

આ કેન્દ્રની પ્રગતિ અને સફળતાથી પ્રભાવિત થઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વરૂણકુમારે અહીના પ્રોજક્ટ ઈનચાર્જ ડૉ.વીરેન્દ્રસિંગને ડીસ્ટ્રીક મેનેજમેન્ટ કમિટીમાં સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા.

૭. તા.૬ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ત્રણ દિવસ માટે ભાવનગર મુકામે પ્રકૃતિ સુરક્ષા સમિતિ દ્વારા આયોજિત અમૃત આહાર ૨૦૧૮માં આંબલાના વિદ્યાર્થીઓએ સજીવ ખેતી વાડોલિયાના શાકભાજીનું વેચાણ કરેલ. તેમજ ગૃહવિજ્ઞાનની બહેનો દ્વારા ખાદીના કાપડમાંથી બનાવેલ પર્સ-ફાઈલ-પાકીટનું વેચાણ કરવામાં આવેલ તેમજ લોકને સજીવ ખેતી અને ખાદી પ્રત્યે જાગૃતિ લાવવા પ્રયત્ન કરેલ.

૮. મણારમાં સ્વ.મૃદુલાબેન મહેતાના સ્મરણાર્થે પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળામાં જાણીતા કેળવણીકાર અને સાહિત્યકાર શ્રી મનસુખભાઈ સલ્લાએ **"જીવન ધર્મ : સમગ્ર દર્શન"** વિષય પર વક્તવ્ય આપ્યું. તેમાં આંબલા મણારનાં કાર્યકરો-વિદ્યાર્થીઓ, પૂર્વ કાર્યકરો, પૂર્વ વિદ્યાર્થીઓ, લોકભારતીના કાર્યકરો અને વિદ્યાર્થીઓ તેમજ આમંત્રિત મહેમાનોએ તેનો લાભ લીધો. આ વ્યાખ્યાનમાળા માટે નવ લાખ કરતાં વધારે રકમ શુભેચ્છકો,

સ્નેહીજનો અને પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા એકત્રિત થઈ છે.

૯. આંબલામાં સત્ર પ્રારંભે અભિમુખતા શિબિરનું આયોજન કરવામાં આવેલ. તેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી ભાનુભાઈ ભટ્ટ તેમ જ કાર્યકરો દ્વારા સંસ્થાથી વિદ્યાર્થીઓને અભિમુખ કરેલ અને દરેક પ્રવૃત્તિ સાથેના અનુબંધ વિશે વાતો કરી.

૧૦. તા.૨૯/૦૮/૧૮ના રોજ ટ્રસ્ટી મંડળની બેઠક આંબલા મુકામે રાખવામાં આવેલ અને તેમાં દરેક વિભાગના વિભાગીય વડાએ પોતાના વિભાગોનો અહેવાલ ટ્રસ્ટીઓ સમક્ષ રજૂ કરેલ અને ત્યાર બાદ નીતિવિષયક નિર્ણયો લેવામાં આવેલ.

૧૧. આંબલા કેમ્પસમાં ઉતારવામાં આવેલ હિન્દી ફિલ્મ 'ટર્નિંગ પોઈન્ટ' પૃથ્વી મુવીજના સહયોગથી વિદ્યાર્થીઓને ભાવનગર ટોપ થ્રી થિયેટરમાં બતાવવામાં આવેલ.

૧૨. મણાર લોકશાળાને એન.સી.સી. નેવી શાખાની મંજૂરી મળી.

૧૩. આંબલા પ્રાથિમકશાળાના કાર્યકરોએ પોતે રૂ.૪૨,૧૦૦/- અને બાકીની રકમ દાતા રૂ.૧૫,૨૦૦/- કુલ રૂ.૫૭,૩૦૦/- એકત્રિત કરી નવા કેમ્પસ પર જમીન નવસાધ્ય કરી.

૧૪. આંબલાની પ્રાથમિકશાળાને પ્રાંત અધિકારી શ્રી સૈયદસાહેબની ગ્રાન્ટમાંથી એક શેડ તથા સ્કૂલમાં બ્લોક નાખવામાં આવેલ.

**હવે ગત વર્ષના કેટલાક સમૂહના કાર્યક્રમો ઉપર એક નજર નાંખી લઈએ.**

- બન્ને સંસ્થામાં રક્ષાબંધનનો તહેવાર ખૂબ ઉત્સાહથી ઉજવાયો. આંબલામાં પાલીતાણાના સાધ્વી મહારાજ શ્રી સંઘમિત્રાજી અને મણારમાં શ્રી અવનીબેને પ્રાસંગિક વક્તવ્ય આપેલ.
- મકર સંક્રાંતિ નિમિત્તે બન્ને સંસ્થામાં ગૌશાળા સફાઈ, ગોપૂજન, અને ગો-મહિમાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. આંબલામાં મેહુલભાઈ ભટ્ટે ગો-મહિમાની વાતો કરી.
- બન્ને સંસ્થાઓમાં તા.૨૬મી જાન્યુઆરી પ્રજાસતાક પર્વ નિમિતે ધ્વજવંદન કરવામાં આવ્યું. અને ત્યારબાદ પી-ટી પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને દાતાઓ તરફથી નાસ્તાનો કાર્યક્રમ રહ્યો. મણારમાં વિદ્યાર્થીઓ દ્વારા મણાર ગામને ગામ સફાઈ કરી અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ કરેલ. આંબલામાં વાંકિયા હનુમાનજી આશ્રમના મહંત શ્રી રવુબાપુના હસ્તે તેમજ મણારમાં વિદ્યાર્થિની બહેન દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ.
- બન્ને સંસ્થાઓમાં લોકભારતી -સણોસરા તેમજ અન્ય સંસ્થાઓના બી.આર.એસ., બી.એડ્.ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો શિક્ષણ નિવાસ માટે આવી ગયાં.
- ગાંધી નિર્વાણ દિન નિમિત્તે બન્ને સંસ્થાઓમાં ઉજવણી કરવામાં આવી અને તેમના વિષે વિદ્યાર્થીઓને પ્રાસંગિક વાતો કરવામાં આવી. અને રાત્રે ગાંધી ફિલ્મ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.
- બન્ને સંસ્થાઓમાં ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. આંબલામાં શ્રી ભાનુભાઈ ભટ્ટ તેમજ મણારમાં ડૉ.વીરેન્દ્રસિંહના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.
- બન્ને સંસ્થાઓમાં નવા વર્ષના નૂતન પ્રભાતે આંબલામાં આ.શ્રી લાલજીભાઈની નિશ્રામાં તેમજ મણારમાં આદ.શ્રી પ્રવીણભાઈ મહેતાની નિશ્રામાં સ્નેહ મિલન કાર્યક્રમ યોજાઈ ગયો તેમાં કાર્યકર-પરિવાર, શુભેચ્છકો, ગ્રામજનોની સારી એવી સંખ્યા હાજર રહી.
- બન્ને સંસ્થામાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી ઉનાળાના બે માસ માટે મફત છાસ કેન્દ્ર ચલાવવામાં આવેલ.

- બન્ને સંસ્થાઓમાં કાર્યકરો પૂ.નાનાભાઈ વ્યાખ્યાનમાળા, પૂ.મનુભાઈ વ્યાખ્યાનમાળા, તેમજ પૂ.મૂળશંકરભાઈ વ્યાખ્યાનમાળા, વગેરે વ્યાખ્યાનમાળામાં લોકભારતીમાં જઈ આવેલ.
- બન્ને સંસ્થાઓમાં પૂ.નાનાભાઈ પુણ્યતિથિ નિમિતે વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન રાખેલ તેમાં આંબલામાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તેમજ મણારમાં શ્રી પ્રવીણભાઈ મહેતાએ વ્યાખ્યાન આપેલ.
- બન્ને સંસ્થાઓમાં ધો-૦૯ અને ૧૧નો પ્રવેશત્સવ યોજવામાં આવેલ.
- બન્ને સંસ્થાઓમાં ઓરી -રૂબેલા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને સંસ્થાની બહેનોને રસીકરણ કરવામાં આવેલ.
- બન્ને સંસ્થાઓમાં અનેક દિનની ઉજવણી ખૂબ જ સરસ રહેલ બન્ને સંસ્થાઓમાં પ્રસંગોને અનુરૂપ બહારથી વક્તાઓને બોલાવવામાં આવેલ અને તેઓએ પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓને વાતો કરી.
- બન્ને સંસ્થાઓ તરફથી અંધજન દિન નિમિત્તે ફાળો એકત્રિત કરવામાં આવેલ અને આમાં મણાર સંસ્થાને પ્રથમ અને આંબલા સંસ્થાને બીજું ફાળો એકત્રિકરણ માટે સ્થાન પ્રાપ્ત થયેલ છે.
- બન્ને સંસ્થાઓમાં રવિરાત્રી કાર્યક્રમોમાં ફિલ્મદર્શન, ગરબી, લોકડાયરાનું આયોજન વર્ષ દરમિયાન કરવામાં આવેલ અને તેમાં વિદ્યાર્થીઓને ખૂબ જ મજા આવેલ.
- બન્ને સંસ્થાઓના કાર્યકરો અમદાવાદ મુકામે ગાંધીમિત્ર એવોર્ડમાં જઈ આવેલ.
- ૨જી ઓક્ટોબરના રોજ બન્ને સંસ્થાઓમાં ગાંધી ૧૫૦ની ઉજવણી નિમિતે સમૂહપ્રાર્થના, ગ્રામ સફાઈ, કરી.
- બન્ને સંસ્થાના વિદ્યાર્થીઓ ૫૪મી રેલી "જીવાતા જીવનમાં વિજ્ઞાન"માં, આંબલાના વિદ્યાર્થીઓ દુધાળા મુકામે નરેન્દ્રભાઈ તથા નીમાબહેનના માર્ગદર્શન નીચે અને મણારના વિદ્યાર્થીઓ આંબરડી મુકામે શ્રી વિપુલભાઈ અને જયશ્રીબહેનના માર્ગદર્શન નીચે જઈ આવેલ.
- આંબલામાં શ્રી શાંતિભાઈ હઠીલા અને કૈલાસબહેનના અને મણારમાં શ્રી પ્રવીણભાઈ ડોડિયાના માર્ગદર્શન નીચે ૫૫મી રેલીમાં "ગાંધી ૧૫૦" બન્ને લોકશાળાના વિદ્યાર્થીઓ ટાટમ અને દુધાળા મુકામે રેલીમાં જઈ આવેલ.
- બન્ને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા બન્ને કેમ્પસ પર સજીવ ખેતી વાડોલિયા દ્વારા કરવામાં આવે છે. માત્ર ગૌશાળાના છાણિયા ખાતર અને ગોમૂત્રનો જ ઉપયોગ કરી વિવિધ શાકભાજી વિદ્યાર્થીઓ દ્વારા ઉગાડવામાં આવે છે. અને તેનાં વિતરણની વ્યવસ્થા રસોડા તથા કાર્યકરોમાં કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને વિદ્યાર્થીઓને ઓર્ગેનિક ખેતીનું મહત્ત્વ તેમ જ તે અંગેની સમજણ આપવામાં આવે છે.
- આંબલા તથા મણારમાં ખેતી તથા બાગાયતના નિષ્ણાંતો તેમજ ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈએ વારંવાર મુલાકાત લઈ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડેલ.
- વિદ્યાર્થીઓની જેમ કાર્યકરનું પણ ઘડતર થાય તે માટે બે દિવસની કાર્યકર ઘરતર શિબિરનું મણાર ખાતે વેકેશન દરમિયાન આયોજન કરેલ આ કાર્યક્રમમાં શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ અલગ અલગ પ્રવૃત્તિઓ દ્વારા તાલીમ આપેલ અને સૌ કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

**સંસ્થાકીય પ્રવૃત્તિનો વિભાગવાર અહેવાલ**

**મીટીંગ તાલીમો**

૧. આ વર્ષની ટ્રસ્ટી મંડળની બેઠક આંબલા મુકામે તારીખ ૨૯/૦૭/૧૮ના રોજ અરુણભાઈની અધ્યક્ષતામાં મળી,

જેમાં જરૂરી વહીવટી નિર્ણયો કરવામાં આવ્યા.

૨. વર્ષ દરમિયાન વ્યવસ્થાપક મંડળની સમયાંતરે બેઠકો મળી અને વહીવટી તથા બન્ને સંસ્થાના ભૌતિક સુવિધાઓનાં કામ અંગેની ચર્ચા થઈ.

૩. વર્ષ દરમીયાન સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની બે મીટીંગો આંબલા મુકામે યોજાયેલ.

**પ્રાથમિક શાળા**

ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા અને મણારના પ્રાંગણમાં આવેલ પ્રાથમિકશાળા વિષે જણાવું તો.

- આંબલાની પ્રાથમિકશાળામાં વર્ષોથી સંસ્થાને તેની સ્વાયંતા આપેલ છે. તેથી તેનું સંચાલન સંસ્થા કરે છે. આ વર્ષે દર વર્ષની જેમ પ્રાથમિકશાળાના નર્સરી વિભાગને ફોરેસ્ટ ખાતા તરફથી રોપા ઉછેર માટે આર્થિક સહાય મળી. આ નર્સરીમાં રોપા ઉછેર અને વિતરણ કરવામાં આવ્યું. પ્રાથમિક શાળામાં નર્સરી વિભાગ ખૂબ જ સારી રીતે ચાલે છે. જેમાંથી પ્રા.શાળાના વિદ્યાર્થીઓને ઘણું શીખવા મળે છે.
- આંબલાની પ્રાથમિકશાળાના કાર્યકરોએ પોતે રૂા.૪૨,૧૦૦/- અને બાકીની રકમ દાતા રૂા.૧૫,૨૦૦/- કુલ રૂા.૫૭,૩૦૦/- એકત્રિત કરી નવા કેમ્પસ પર જમીન નવસાધ્ય કરી.
- આંબલાની પ્રાથમિકશાળાને પ્રાંત અધિકારી શ્રી સૈયદસાહેબની ગ્રાન્ટમાંથી એક શેડ તથા સ્કૂલમાં બ્લોક નાખવામાં આવેલ.
- પ્રાથમિક શાળા અને લોકશાળામાં પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ રાખવામાં આવેલો. વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વાતાવરણ અને પ્રવૃત્તિઓ વગેરેથી અધિકારીઓએ ખૂશી વ્યક્ત કરી.
- આ ઉપરાંત પ્રા.શાળાઓમાં વિવિધ ઉજવણી કરવામાં આવી. જેવી કે રક્ષાબંધન, સ્વયંશિક્ષણ દિન, વૃક્ષારોપણ, વર્ષાસ્નાન, બોરખાવા વગેરે જેવી ઉજવણી કરવામાં આવી.
- મણાર પ્રા.શાળામાં વિદ્યાર્થીઓને ધોરણ પ્રમાણે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરેલ તે ખૂબ જ સરસ રહેલ.
- આ ઉપરાંત સંસ્થાના દરેક કાર્યક્રમમાં સક્રિય જોડાયેલ અને વિવિધ ઉજવણીમાં ભાગ લીધેલ.

**લોકશાળા વિભાગ (શૈક્ષણિક વિભાગ)**

• આંબલામાં સરકારશ્રી તરફથી જરૂરિયાતમંદ બહેનોને સાયકલ વિતરણ કરવામાં આવી.

**વિદ્યાર્થીઓની સંખ્યા નચે મુજબ રહી.**

| | આંબલા | | | મણાર | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | કુમાર | કન્યા | કુલ | ધોરણ | કુમાર | કન્યા | કુલ |
| ૯ | ૩૬ | ૨૩ | ૫૯ | ૯ | ૩૩ | ૨૯ | ૬૨ |
| ૧૦ | ૨૭ | ૨૭ | ૫૪ | ૧૦ | ૩૩ | ૧૯ | ૫૨ |
| ૧૧ | ૩૬ | ૦૮ | ૪૪ | ૧૧ | ૨૨ | ૨૦ | ૪૨ |
| ૧૨ | ૩૪ | ૧૨ | ૪૬ | ૧૨ | ૨૧ | ૧૭ | ૩૮ |

**બન્ને સંસ્થાઓમાં S.S.C. તેમજ H.S.C. નાં પરીણામો નીચે મુજબ આવેલ છે.**

આંબલા

| | પરીક્ષાર્થીની સંખ્યા | પાસથનારની સંખ્યા | પરિણામના ટકા |
|---|---|---|---|
| S.S.C. | ૫૧ | ૪૬ | ૮૩% |
| H.S.C. | ૪૦ | ૨૦ | ૫૦% |

મણાર

| | પરીક્ષાર્થીની સંખ્યા | પાસથનારની સંખ્યા | પરિણામના ટકા |
|---|---|---|---|
| S.S.C. | ૪૭ | ૪૨ | ૮૯.૫૬% |
| H.S.C. | ૪૧ | ૪૦ | ૯૭.૧૩% |

- બન્ને સંસ્થાના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી.
- ધો- ૧૦ અને ૧૨ના નબળા વિદ્યાર્થીઓ સાથેની બેઠક વિષય શિક્ષક તથા ગૃહપતિ -ગૃહમાતા સાથે રાખવામાં આવેલ. તેમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી.

**-:વર્કશોપ/તાલીમમાં ભાગીદારી:-**

બન્ને સંસ્થાઓમાં અનેક વિદ્યાર્થીઓને ઉપયોગી એવી ઘણી તાલીમ અને વર્કશોપનું આયોજન થયેલ જે નીચે મુજબ છે.

આંબલામાં :- ૧૧ વર્કશોપ/તાલીમ

| વર્કશોપ/તાલીમ | વકતાઓ | આયોજક/સહાયક |
|---|---|---|
| વાનગી વર્કશોપ | - | લોકભારતી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર |
| માઈમ | શ્રી દિપકભાઈ યાત્રી | - |
| ગ્રાહક જાગૃતિ શિબિર | ગ્રાહક સુરક્ષાના અધિકારીઓ | ગ્રાહક સુરક્ષા મંડળ |
| બ્રીજ કોર્સ | શ્રી અરુણભાઈ દવે, શ્રી મેહુલભાઈ, શ્રી ઉમાકાંતભાઈ રાજયગુરુ, શ્રી વિશાલભાઈ જોશી, શ્રી દિપ્તીબેન વાઘેલા, શ્રી દિંગતભાઈ મહેતા, માં ફાઉન્ડેશન ભાવનગરથી માર્ગદર્શન માટે આવી ગયેલ. | - |
| ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આરોગ્ય જાળવણી | - | રેડક્રોસ સોસાયટી |
| હાર્ટફુલનેસ | શ્રી રામભાઈ ત્રિવેદી | - |
| વૈદિક ગણિત અને એકયુપ્રેશર તાલીમ | શ્રી કૌશિકભાઈ પારેખ શ્રીમતિ ભાવનાબેન પારેખ | - |

| વર્કશોપ/તાલીમ | વકતાઓ | આયોજક/સહાયક |
|---|---|---|
| વ્યસન મુક્તિ | બી.એ.પી.એસ.ના સંતો | અક્ષરપુરુશોત્તમ સ્વામીનારાયણ સંસ્થા |
| ભારત કી સંતાન(નાટ્ય) | શ્રી હર્ષદભાઈ, શ્રી નરેન્દ્રભાઈ | એન.વાય.પી. યુથ સંગઠન |
| | શ્રી મેહુલભાઈ | |
| ગાંધી- ૧૫૦<br>વન્ય પ્રાણી પરીચય | શ્રી સંજયભાઈ તલસાણીયા<br>શ્રી ગઢવીસાહેબ, આર.એફ.ઓ.<br>શ્રી સોલંકીસાહેબ<br>શ્રી સિહોર ફોરેસ્ટ ઓફીસ સ્ટાફ<br>શ્રી રાજહંસ નેચર કલબ સ્ટાફ | -<br>રાજહંસ નેચર કલબ<br>સિહોર ફોરેસ્ટ કચેરી |

મણારમાંઃ- ૬ વર્કશોપ/તાલીમનું આયોજન થયેલ.

| વર્કશોપ/તાલીમ | વકતાઓ | આયોજક/સહાયક |
|---|---|---|
| સ્ત્રી પુરુષ સમાનતા<br>સમાજમાં મહિલાનું સ્થાન | શ્રી દમયંતીબહેન, શ્રી ફાલ્ગુનીબહેન<br>શ્રી ઉષાબહેન, શ્રી સવાણીભાઈ | - |
| ખેડૂત તાલીમ શિબિર | - | સી.એસ.આર. ટાટા ટ્રસ્ટ |
| ગ્રિષ્મ શિબિર | - | શૈશવ સંસ્થા ભાવનગર અને સ્વદીપ સંસ્થા રાજુલા |
| વાંચન શિબિર | શ્રી હસમુખભાઈ યાજ્ઞિક, શ્રી ઉષાબહેન ઉપાધ્યાય, ડૉ. મણીલાલ પટેલ,<br>ડૉ. બળવંતભાઈ જાની,<br>ડૉ. અરુણભાઈ દવે,<br>ડૉ. અજયસિંહ ચૌહાણ,<br>ડૉ. વિપુલભાઈ પુરોહિત, ડૉ. નીતિનભાઈ ભીંગરાડિયા, ડૉ. અનિરુદ્ધસિંહ ગોહિલ,<br>ડૉ. પ્રવીણભાઈ વાઘેલા,<br>શ્રી ઘનશ્યામસિંહ રાઠોડ | ગુજરાત સાહિત્ય અકાદમી |
| ગાંધી-૧૫૦ | શ્રી સંજયભાઈ તલસાણિયા | - |
| વાંચન શિબિર | શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી<br>શ્રી ગોપાલભાઈ મેઘાણી | - |

**નેચરલ કલબ (પ્રકૃતિ કલબ)**

- આંબલામાં શ્રી ભારતેન્દુભાઈ દવે અને શ્રી નરેન્દ્રભાઈ મકવાણા દ્વારા નેચર કલબ ચલાવવામાં આવે છે. તેમાં આ વર્ષમાં અઠવાડિક મિટિંગો દર શુક્રવારે થઈ અને વિદ્યાર્થીઓને પશુ - પક્ષી, પર્યાવરણ ફિલ્મ દર્શન અને તેના વિષે માહિતી આપી, તેમજ વિદ્યાર્થીઓનો આંબલા ગામના તળાવે પક્ષી દર્શન કાર્યક્રમ રાખ્યો, શરદ

પૂર્ણિમાને દિવસે ધો-૦૯ના વિદ્યાર્થી ભાઈઓ - બહેનોને લઈને ડુંગરમાં પ્રકૃતિ દર્શન તેમજ પક્ષીદર્શન માટે ભારતેન્દુભાઈ તથા નરેન્દ્રભાઈ લઈ ગયા અને માહિતી આપી.

- નેચર કલબના ધો-૯ના વિદ્યાર્થીઓ કાળિયાર અભ્યારણ ખાતે વેળાવદર શિબિરમાં જઈ આવ્યા. તેમા નરેન્દ્રભાઈ મકવાણા, નિમાબેન અને શાંતિભાઈ જોડાયાં.

**-: રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) :-**

બન્ને લોકશાળાની અંદર રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) યુનિટો ચાલે છે.

- આંબલા N.S.S.યુનિટની વાર્ષિક ખાસ શિબિર પાલીતાણા તાલુકાના આદરપુર મુકામે યોજાઈ ગઈ, તેમાં સંસ્થાના ઈનચાર્જ આચાર્ય શ્રી ગૌરાંગભાઈ તથા રાજેન્દ્રસિંહ વાળાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શિબિર દરમિયાન ગ્રામ સફાઈ, વ્યક્તિગત લોકસંપર્ક, વ્યસનમુક્તિ, પ્રભાતફેરી, ભીંતસૂત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમ, તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. શિબિર દરમિયાન આ મુજબના વક્તાઓ આવી ગયા. લોકભારતી સણોસરાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ડૉ.અરુણભાઈ દવે, લોકશાળાના શિક્ષક શ્રી અશોકભાઈ ડાભી, લોકભારતી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) ના કો-ઓડીનેટર શ્રી નિગમભાઈ શુકલ, શંખનાદના પત્રકાર શ્રી યોગેશભાઈ જોષી, એલ.ડી.મુનિ. હાઈસ્કૂલના શિક્ષક શ્રી જગદીશભાઈ ત્રિવેદી, ઈશ્વરિયા ગામના સરપંચ તેમજ વરિષ્ઠ પત્રકાર શ્રી મુકેશભાઈ પંડિત, સમાપનમાં ગરાજિયા ગામના સરપંચ તથા પ્રાથમિકશાળાનો સ્ટાફ હાજર રહ્યો.
- મણાર N.S.S. યુનિટને વાર્ષિક ખાસ શિબિર તળાજા તાલુકાના દરિયા કિનારાનું ગામ તખતગઢ મુકામે યોજવામાં આવ્યો. જેમાં ગ્રામ સફાઈ, વ્યક્તિગત લોક સંપર્ક, વ્યસન મુક્તિ, પ્રભાત ફેરી, ભીંતસૂત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમ, તેમજ આંખોનો નિદાન કેમ્પ, ચશ્મા વિતરણ તથા રૂબેલા રસીકરણનો કાર્યક્રમ યોજાયો. કુલ ૧૮૦ દર્દીને તપાસવામાં આવ્યા. ૧૩૫ જોડી ચશ્માનું વિતરણ અને ૫૭ મહિલાઓને રૂબેલા રસીકરણના ઈન્જેકશન આપવામાં આવ્યા. રાત્રી કાર્યક્રમમાં લોક કલાકાર શ્રી મેરામણભાઈ ગઢવીને બોલાવવામાં આવ્યા.
- બન્ને સંસ્થાના N.S.S.ની નિયમિત પ્રવૃત્તિમાં રાષ્ટ્રીય સેવા યોજના સ્વયં સેવકોએ વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી.
- રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો. આંબલા, અમરગઢ, રામધરી, ચોરવડલાના કુલ ૯૦ દર્દીઓએ તેનો લાભ લીધો. તેમાંથી ૨૨ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ મોકલવામાં આવ્યા.
- અંધજન ધ્વજ દિન નિમિતે આંબલા લોકશાળાના સ્વયં સેવકોએ સોનગઢ, આંબલા, રામધરીમાં ફરી ફાળો ઉઘરાવ્યો, અને મણારના સ્વયંસેવકોએ ફાળો એકત્ર કરી ભાવનગર અંધજન મંડળને મોકલાવ્યો. જીલ્લામાં સર્વથી વધુ ફાળો ઉઘરાવનાર શાળા તરીકે મણાર લોકશાળા પ્રથમ અને આંબલા લોકશાળા બીજા ક્રમે રહેલ.

**બાહ્ય પરીક્ષાઓ**

આંબલા-મણાર બન્ને કેમ્પસ ઉપર અભ્યાસ ઉપરાંત અન્ય પરીક્ષાઓ જેવી કે જનરલ નોલેજ, સ્વામી વિવેકાનંદ, ગાયત્રી પરિવાર શુદ્ધ ખાદી શા માટે જેવી વિવિધ પરીક્ષાઓ વર્ષ દરમ્યાન યોજાઈ. જેમાં મોટા ભાગના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ રસથી જોડાયાં અને પરીક્ષાઓ આપી. જે નીચે મુજબના કોષ્ટક પ્રમાણે છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | ભાગ લેનાર છાત્રોની સંખ્યા | | પાસ થનાર છાત્રોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | મણાર | આંબલા | મણાર | આંબલા |
| ૧. | સ્વામી વિવેકાનંદ | ૧૫૮ | ----- | ૧૫૮ | ---- |
| ૨. | જનરલ નોલેજ | ૧૭૦ | ૧૫૫ | ૧૭૦ | ૧૫૫ |
| ૩. | ખાદી શા માટે | ૯૮ | ૮૬ | ૯૮ | ૮૬ |
| ૪. | ગાયત્રી પરિવાર | ૧૦૨ | --- | ૧૦૨ | --- |
| | નેશનલ ટેલેન્ટ ટેસ્ટ | | ૧૫ | | ૧૫ |
| ૫. | વકતૃત્વ સ્પર્ધા | | ૦૨ | | ૦૨ |

**છાત્રાલય વિભાગ**

- સત્રના પ્રારંભે બન્ને સંસ્થાઓમાં બન્ને કેમ્પસ પર છાત્રાલયના મંત્રીઓની ચૂંટણી યોજાઈ અને ચૂંટાયેલા મંત્રીઓને વિવિધ ખાતાંઓની સોંપણી કરવામાં આવી. શપથ વિધિ બાદ શુભેચ્છા કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- મંત્રી મંડળની રચના બાદ દરેક મંત્રીએ પોતાનું આયોજન આમસભામાં રજૂ કર્યું.
- બન્ને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને સંગીત પ્રત્યે રસ જાગે એટલા માટે બન્ને સંસ્થાઓમાં સંગીતના વર્ગો ચાલે છે.
- મણારમાં ધો-૦૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની વાલી મિટીંગ રાખવામાં આવેલ તેમાં વાલીઓને વ્યક્તિગત રીતે મળી છાત્ર-છાત્રાની શૈક્ષણિક પ્રગતિ, છાત્રાલય જીવન અને તેમની વિશિષ્ટ શક્તિ તથા આવડત અને ધ્યાનમાં રાખવા જેવી બાબતોથી વાલીઓને વાકેફ કરવામાં આવ્યા. વાલીઓ તરફથી પણ હકારાત્મક સૂચનો મેળવવામાં આવ્યાં.
- બન્ને કેમ્પસમાં સત્રારંભ સંમેલન રાખવામાં આવ્યું હતું. કાર્યકરોએ પ્રસંગને અનુરૂપ વાતો કરી અને સૌ વિદ્યાર્થીઓને સંસ્થામાં રહી ઉત્તમ શિક્ષણ -સંસ્કાર મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી.

  હાર્ટફુલનેસ મેડીટેશન કાર્યક્રમ ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ સાથે ચાલે છે. જે દર અઠવાડિક હોય છે. તે શ્રી રામભાઈ ત્રિવેદી દ્વારા ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમથી વિદ્યાર્થીને માનસિક તથા શિક્ષણમાં ઘણો લાભ થયો છે.

**સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ**

- વર્ષ દરમિયાન સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની મીટીંગ શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષામાં મળી. સંઘ સાથે જોડાયેલ ૨૮ લોકશાળાના સંચાલકો અને આચાર્ય ઉપસ્થિત રહ્યા. વર્ષ દરમિયાનના કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા. તેમજ વર્તમાન શિક્ષણના પ્રશ્નો અંગે ચર્ચા- વિચારણા થઈ.
- સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત ૫૪મી “જીવતા જીવનમાં વિજ્ઞાન” વિષયની રેલી દુધાળા તેમજ આંબરડી મુકામે યોજાઈ. રેલી દરમિયાન “જીવતા જીવનમાં વિજ્ઞાન” વિષય પર તજજ્ઞો દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યા. રેલીમાં બન્ને જગ્યાએ થઈ કુલ ૨૧ લોકશાળાના કુલ ૧૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, રેલી દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ હસ્તલિખિત અંકોનું વિમોચન, સાંસ્કૃતિક કાર્યક્રમો, મેદાની કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીના આયોજન અને અમલીકરણમાં શ્રી અરુણભાઈએ અથાક મહેનત કરી.
- લોકશાળા સંઘ દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી પ્રથમ, દ્વિતીય અને વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો કાઢવાનું ગોઠવાય

છે. આ વરસે પણ વ્યવસ્થિત આયોજન થયું. અને સંઘ સાથે જોડાયેલ લોકશાળા તથા હાઈસ્કૂલોને સમયસર પ્રશ્નપત્રો પહોંચાડવામાં આવ્યા અને પરીક્ષાઓ ગોઠવાઈ. પરીક્ષા આયોજકોએ સમયસર પરીક્ષાની કાર્યવાહી કરી. તે સૌને ધન્યવાદ.

- ૫૫મી રેલી ''ગાંધી ૧૫૦'' વિષય ઉપર દુધાળા અને ટાટમ મુકામે યોજાયેલ ગાંધીજીની ૧૫૦મી જયંતી નિમિતે આ રેલીનું આયોજન કરેલ. બન્ને સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ અને રેલીમાં શ્રી પાર્થેશભાઈ પંડયાએ ભારે જહેમત ઉઠાવી હતી.
- ૫૫મી રેલીની પૂર્વ તૈયારી માટે સણોસરા તથા અમદાવાદ મુકામે એમ બે દિવસની બે તાલીમનું આયોજન કરવામાં આવેલ.
- આ વર્ષમાં આંબલા મુકામે સંગીત શિબિર તથા બેલ મુકામે વ્યાયામ શિબિર અને કૌશલ્ય વર્ધન શિબિર કળસાર મુકામે યોજાઈ હતી. સંગીતશિબિરમાં ૧૦ લોકશાળાના ૬૪ વિદ્યાર્થીઓએ અને વ્યાયામ શિબિરમાં ૧૧ લોકશાળા અને ૭૫ જેટલાં વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધેલ, જ્યારે કૌશલ્ય વર્ધન શિબિરમાં ૧૪ જેટલી લોકશાળાનાં ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

## વિદ્યાર્થી પ્રવાસ/પ્રયટન

વિદ્યાર્થી પ્રત્યક્ષ શિક્ષણ મેળવે તે માટે સંસ્થામાંથી શૈક્ષણિક પ્રવાસમાં લઈ જવામાં આવે છે.

બન્ને સંસ્થાઓમાંથી વિદ્યાર્થીઓ તથા કાર્યકર્તાઓ નીચે સ્થળોએ શૈક્ષણિક પ્રવાસમાં જઈ આવ્યાં.

| | | |
|---|---|---|
| આંબલા | | |
| તારીખ | ભાગ લેનાર | પ્રવાસના સ્થળ |
| ૦૪-૦૪-૧૮ | કાર્યકરો વિદ્યાર્થીઓ | પાલીતાણા શેત્રુંજય પર્વત |
| ૨૧-૦૫-૧૮ | ધો.-૦૯ | લોકભારતી, સણોસરા |
| ૧૬-૦૯-૧૮ | કાર્યકરો વિદ્યાર્થીઓ | બહુચરાજી, મોઢેરા, સૂર્યમંદિર, મહેસાણા, દૂધસાગર ડેરી, ઊંઝા, અંબાજી, સેબલપાણી, આબુ,મહુડી, ગાંધીનગર, અમદાવાદ |
| ૨૪-૦૧-૧૯ | કાર્યકરો વિદ્યાર્થીઓ | મણાર સંસ્થા દર્શન, શેત્રુજંય ડેમ, ગિરિવિહાર ગૌશાળા, માઈધાર સંસ્થા, નેશિય ગોળના કોલની મુલાકાત, બેલા સંસ્થા- અલંગ શિપયાર્ડની મુલાકાત |
| મણાર | | |
| તારીખ | ભાગ લેનાર | પ્રવાસના સ્થળ |
| ૨૬-૧૨-૧૮ | કાર્યકરો વિદ્યાર્થીઓ | રાજસ્થાન |

## ઉત્સવ વિભાગ

- બન્ને સંસ્થાઓમાં ઉત્સવ વિભાગ ચાલે છે. તેમાં ઉત્સવ વિભાગ દ્વારા અનેક ઉત્સવો તથા વિવિધ દિનની ઉજવણી કરવામાં આવે છે.
- બન્ને સંસ્થામાં દરેક ઉત્સવ ઊજવણીનું આયોજન મુજબ થયેલ ઉત્સવોની ઊજવણીને દક્ષિણામૂર્તિ પરિવારે

શિક્ષણનું મહત્ત્વનું અંગ માન્યું છે. આથી ઉત્સવની અહી રજા હોતી નથી પણ સરકારશ્રીના નીતિનિયમ મુજબ આ વર્ષમાં નવરાત્રી તેમજ અન્ય ઉત્સવોમાં રજા રાખવી પડી તે દુઃખની વાત છે.

- આંબલા-મણાર સંસ્થામાં નીચે મુજબના ઉત્સવો ઉજવવામાં આવેલ તેમજ વર્ષ દરમિયાન શૈક્ષણિક સંદેશ આપતી ફિલ્મ પણ બતાવવામાં આવી.
- બન્ને સંસ્થાઓમાં સંગીત સંધ્યાના કાર્યક્રમો પણ યોજવામાં આવેલ.

| સ્થળ | તારીખ | ઊજવણી | વકતા/મહેમાન |
|---|---|---|---|
| આંબલા | ૨૬-૦૧-૧૮ | પ્રજાસત્તાક પર્વ | શ્રી રવુબાપુ, વાંકિયા હનુમાન આશ્રમ મહંત |
| મણાર | ૩૦-૦૧-૧૮ | ગાંધી નિર્વાણ દિન | શ્રી પ્રવિણભાઈ મહેતા(સાયં-પ્રાર્થના) |
| આંબલા | ૨૩-૧૨-૧૮ | કિસાન દિન | શ્રી મુકેશભાઈ મહેતા/શ્રી શાંતિભાઈ |
| મણાર | - | આનંદ બજાર | - |
| આંબલા | ૨૧-૦૬-૧૮ | વિશ્વ યોગ દિન | તાલુકા કક્ષાની ઉજવણી |
| આંબલા | ૦૭-૦૮-૧૮ | ટાગોર પુણ્યતિથિ | - |
| આંબલા | ૧૫-૦૮-૧૮ | સ્વાતંત્ર્ય પર્વ | શ્રી ભાનુભાઈ ભટ્ટ |
| મણાર | ૧૫-૦૮-૧૮ | સ્વાતંત્ર્ય પર્વ | ડૉ. વિરેન્દ્રસિંહ ચૌહાણ |
| આંબલા | - | રક્ષાબંધન | સાધ્વી સંઘમિત્રાજી |
| મણાર | - | રક્ષાબંધન | શ્રી અવનીબેન રાવળ/શ્રી અર્ચનાબેન દવે |
| આંબલા | ૦૮-૦૯-૧૮ | સ્વયં શિક્ષણ દિન | - |
| મણાર | ૧૨-૦૯-૧૮ | સ્વયં શિક્ષણ દિન | - |
| આંબલા | ૦૨-૧૦-૧૮ | ગાંધી જયંતી | શ્રી રામદેવસિંહ ગોહિલ |
| મણાર | ૦૨-૧૦-૧૮ | ગાંધી જયંતી | - |
| આંબલા | ૦૬-૧૦-૧૮ | વન્ય પ્રાણી સપ્તાહ | શ્રી ગઢવીસાહેબ આર.એફ.ઓ. |
| મણાર | ૦૬-૧૦-૧૮ | નશાબંધી સપ્તાહ | શ્રી મેરાણભાઈ ગઢવી |

**આ ઉપરાંત વર્ષ દરમિયાન નીચે મુજબના દિનની ઉજવણી કરી.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | રક્ષાબંધન | ૨. | ગુરુપૂર્ણિમાં | ૩. | ૧૫મી ઓગષ્ટ |
| ૪. | ૨૬મી જાન્યુઆરી | ૫. | ગાંધી જયંતિ | ૬. | સરદાર જયંતિ |
| ૭. | નાતાલ | ૮. | નવરાત્રી | ૯. | યોગદિવસ |
| ૧૦. | વિશ્વ વસ્તી દિવસ | ૧૧. | અંધજન દિવસ | ૧૨. | શરદપૂર્ણિમા |
| ૧૩. | ગાંધીનિર્વાણ દિન | ૧૪. | સ્વામી વિવેકાનંદ જયંતિ | ૧૫. | નાનાભાઈ પુણ્યતિથિ |

**બન્ને લોકશાળાઓમાં વર્ષ દરમ્યાન નીચે પ્રમાણે કાર્યક્રમો રહ્યા.**

૧. સ્વયં શિક્ષણદિન ૨. સ્વયંપાક ૩. નિબંધ સ્પર્ધા ૪. ચિત્ર સ્પર્ધા ૫.સ્પોટ ડે ૬. વિજ્ઞાન -ગણિત પ્રદર્શન ૭. સમુહ ભોજન ૮. ગડબા સ્નાન ૯. રવિવારિયા કાર્યક્રમ ૧૦. જલદિન.

જેવા કે ફિલ્મ દર્શન, સંગીત સંધ્યા, ગરબી, લોકડાયરો, એક મીનીટ કવીઝ, સાંસ્કૃતિક કાર્યક્રમ, કવિ મુશાયરો,

વગેરે યોજવામાં આવ્યા.

- બન્ને કેમ્પસમાં વિદ્યાર્થીઓનો અતિ પ્રિય કાર્યક્રમ આનંદ બજારનું આયોજન કરેલ અને તેમાં ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવારજનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આંબલામાં આ વર્ષે આનંદ બજારમાં દીપકભાઈ પંડ્યાનું આયોજન કુપન પદ્ધતિ કેશલેસ પદ્ધતિનો પ્રત્યક્ષ અનુભવ વિદ્યાર્થીઓએ ૧૨ સ્ટોર કરેલ અને માર્કેટીંગ સ્કીલ ડેવલપમેંટ માટેનું માર્ગદર્શન મેળવેલ.
- આંબલામાં વિદ્યાર્થીઓના બીજો અતિ પ્રિય કાર્યક્રમ ખજાનાની શોધનું આયોજન કરેલ તેમાં મણારના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ તેમજ કાર્યકરો પણ જોડાયા.
- બન્ને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વયંપાકનું આયોજન કરવામાં આવ્યું અને વિદ્યાર્થીઓએ જુદી જુદી ટુકડીઓમાં વિવિધ વાનગીઓ બનાવી. તેનો આસ્વાદ માણ્યો. આંબલામાં શ્રી દીપકભાઈ તથા નીમાબેને સરસ આયોજન કરેલ.

**આંબલા કૃષિ વિભાગ**

૧. પ્રાયોગિક ખેતીમાં ધો-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા કૃષિ વિષયને અનુસંધાને આ વર્ષ ''કપાસ, રીંગણી, મકાઈ તથા શાકભાજી''નું ઉત્પાદન કરી વિદ્યાર્થીઓએ તે અંગે પ્રેક્ટીકલ માર્ગદર્શન મેળવ્યું.

૨. આ વર્ષે વરસાદની અછત અને પાણની તંગી હોવા છતાં છેટી વાડીએ કપાસનું ઉત્પાદન પણ ખૂબ સરસ રહેલ. આ ઉપરાંત જમરૂખ, લીંબુનું ઉત્પાદ પ્રમાણમાં સારું રહેલ.

૩. દર વર્ષની જેમ આ વર્ષ આંબલાના નર્સરી વિભાગની કેરી અને ચીકુનો ઈજારો આપેલ અને તેમાં ઉત્પાદન મધ્યમ રહેલ.

૪. આંબલા નર્સરીની પડતર જમીન ગૌશાળાને ચારો વાવવા માટે આપી અને તેના લીધે આ વર્ષે લીલોચારો બહારથી ઓછો ખરીદવો પડ્યો.

૫. આંબલા નર્સરી વિભાગમાં લીબુંનું ઉત્પાદન ખૂબ જ ઓછા પાણીએ ખૂબ જ સારું આવ્યું અને દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના લીબુની સારી એવી રકમ મળેલ છે.

૬. બન્ને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા બન્ને કેમ્પસ પર સજીવ ખેતી વાડોલિયા કરવામાં આવેલ છે. માત્ર ગૌશાળાના છાણિયા ખાતર અને ગોમૂત્રનો જ ઉપયોગ કરી વિવિધ શાકભાજી વિદ્યાર્થીઓ દ્વારા ઉગાવવામાં આવેલ છે. અને તેના વિતરણની વ્યવસ્થા રસોડા તથા કાર્યકરોમાં કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને વિદ્યાર્થીઓને ઓર્ગેનિક ખેતીનું મહત્ત્વ તેમ જ તે અંગેની સમજણ આપવામાં આવેલ છે.

૭. આ વર્ષમાં બે વાર સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર લોકભારતીના કોડીનેટર શ્રી નિગમભાઈ શુકલ, શ્રી વિનિતભાઈ સવાણી છેટીવાડી તેમજ નર્સરીની મુલાકાતે આવી ગયા અને યોગ્ય માર્ગદર્શન આપ્યું.

**મણાર કૃષિ**

- આ વર્ષમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ, બાગાયતના નિષ્ણાંત શ્રી ભલાણીભાઈ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર લોકભારતીના શ્રી નિગમભાઈ શુકલ શ્રી વિનિતભાઈ સવાણી, એગ્રોસેલની ટીમ, તેમ જ પીડીલાઈટના નિષ્ણાંતો ખેતીવાડી તથા આંબા-ચીકુ, નાળીયેરીના બગીચાની મુલાકાતે આવી ગયા અને યોગ્ય માર્ગદર્શન આપ્યું.
- બાગાયતના નિષ્ણાંત શ્રી ભલાણીભાઈ આંબાના બગીચાનું નિરીક્ષણ કરી ઉપયોગી માહિતી આપી.

- કીટકશાસ્ત્ર નિષ્ણાંત ડૉ.ઘનશ્યામભાઈ પટેલ આંબાના પ્લોટોનું નિરીક્ષણ કરી ઉપયોગી માહિતી આપી.
- વર્ષ દરમિયાન એગ્રોલોક પ્રોજેક્ટ અંતર્ગત મણારમાં કુલ ૧૫૦ વીઘામાં લોક-૧નું બ્રીડર સીડ વાવવામાં આવેલ. તેમાં એગ્રોસેલના ડૉ.સિંગસાહેબ, અને શ્રી પ્રશાંતભાઈ તરફથી આ પાક માટે ઉપયોગી માર્ગદર્શન મળતા કુલ ૪૫૦૦ મણનું ઉત્પાદન થયેલ.
- મણારમાં ન્યુક્લિયસ સીડ પ્લોટ-૨ એકરમાં વાવેતર કરવામાં આવેલ.
- આ વર્ષ દરમિયાન ૩૦ એકરમાં સોયાબીન, ૧૦ એકરમાં મગફળી તથા ૨૫ એકરમાં જુવારનું વાવેતર કરવામાં આવેલ. આમાં ચોમાસું નબળું હોવાથી સોયાબીનનું ઉત્પાદન ખૂબ જ ઓછું રહેલ તે જ રીતે મગફળીમાં પણ એ જ પરિસ્થિત રહેલ.
- ઘઉંનું સારું ઉત્પાદન થતાં શ્રી પ્રશાંતભાઈએ ખેતીના સૌ કાર્યકરોને અને વ્યવસ્થાપક, ઉપનિયામક શ્રી મહેંદીભાઈ અને નિયામક શ્રી સુરસંગભાઈને ખૂબ અભિનંદ આપ્યા.
- આ વર્ષે મણારની ખેતીના આંબામાંથી કેરીનું ઉત્પાદન ૭ ટન જેટલું થયું, જે ગત વર્ષ કરતાં ઓછું રહેલ.

**ગૌશાળા**

આંબલા અને મણાર ગૌશાળામાં હાલ નીચે પ્રમાણે પશુઓ છે.

| ક્રમ | પશુની વિગત | આંબલા | મણાર |
|---|---|---|---|
| ૧ | દૂઝણી ગાય | ૦૭ | ૧૫ |
| ૨ | ગાભણી ગાય | ૦૬ | ૦૬ |
| ૩ | ધાવતાં વાછરું | ૦૪ | ૧૫ |
| ૪ | વોડકા | ૧૧ | ૨૦ |
| ૫ | ગોધલા | ૦૦ | ૦૫ |
| ૬ | બળદ | ૦૦ | ૦૬ |
| ૭ | ખૂંટ | ૦૨ | ૦૧ |
| | કુલ | ૩૦ | ૬૮ |

- આંબલા ગૌશાળાનું સરાસરી દૂધ ઉત્પાદન ૬ લીટર અને મણાર ગૌશાળાનું સરાસરી દૂધ ઉત્પાદન ૪.૫ લીટર છે.
- હાલ બન્ને સંસ્થાની ગૌશાળામાં ચાફ કટરનો ઉપયોગ કરવામાં આવે છે અને સૂકો ચારો જેવો કે જુવાર-બાજરાની કડબને ચાફ કરીને જ નીરણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.
- આંબલાની ડુંગરખેતીમાંથી મોટા ભાગે વર્ષ દરમ્યાન લીલો ચારો મળી રહે તે માટે વાંકિયા હનુમાન આશ્રમને ૫૦% ભાગીદારીમાં જમીન વાવવા માટે આપેલ છે. જેનાથી ઠીક પ્રમાણમાં ગાયોને લીલોચારો મળી રહે છે.
- મણાર ગૌશાળા માટે ઝીંઝવો ઘાસનું વાવેતર ૨ એકરમાં કરવામાં આવ્યું જેના પરિણામો પ્રોત્સાહક છે.
- બન્ને સંસ્થાઓમાં દૂધ વધે ત્યારે ઘી બનાવવામાં આવે છે. જે વિતરણ કરતાં તેની માંગ ખૂબ જ વધેલ છે.
- મણારમાં ૪૫ ઘન મીટરનો ગોબર ગેસ પ્લાન્ટ શરૂ છે.
- મણારમાં ગૌસેવા આયોગના સહયોગથી ગૌશાળામાં ૩ હોર્સ પાવરની સોલાર મોટર મળી.
- મણારમાં પીડીલાઈટના ડેરી વિભાગના ડૉ.સુરેન્દ્ર રાનડે ગૌશાળાની મુલાકાતે આવી ગયેલ અને ગોશાળાના

વિકાસ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી.

- આ ઉપરાંત અહીંની ગૌશાળાની ભૌતિક સુવિધા વધારવા અને દૂધ ઉત્પાદન વધે તે માટે આર્થિક સહાય તથા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

**છાસકેન્દ્ર**

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના આર્થિક સહયોગથી આંબલા-મણાર બન્ને સંસ્થા દ્વારા બે-બે છાસ કેન્દ્ર ચલાવવામાં આવ્યાં. આ વરસે પણ આંબલામાં આંબલા સંસ્થા તથા આંબલા ગામ અને મણાર સંસ્થા તથા અલંગ ગામમાં છાસ કેન્દ્રો ચલાવવામાં આવ્યા. ઉનાળાના તાપમાં રાહત આપનારી શીતળ છાસનો લાભ ચારેય કેન્દ્ર દ્વારા ૩૬૫ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને મળ્યો.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ દ્વારા બન્ને સંસ્થાને સાંઈઠ હજારની આર્થિક સહાય છાસકેન્દ્રના નિભાવ માટે મળી.બન્ને સંસ્થાઓએ છાસ કેન્દ્ર ચલાવવા માટે સ્વયંસેવકો તૈયાર કર્યા. જેમણે દૂધ મેળવવું, છાસ બનાવવી, તેનું વિતરણ કરવું અને નોંધ કરવી તથા માખણમાંથી ઘી બનાવવું, વાસણ સફાઈ, જે-તે કેન્દ્ર સુધી છાસ પહોંચાડવી વગેરે વ્યવસ્થા ગોઠવી. છાસ કેન્દ્રનો ખૂબજ પ્રોત્સાહક પ્રતિભાવ મળ્યો.

**મણાર લોકશાળા કેન્દ્રના કેટલાંક વિશિષ્ટ પ્રોજેક્ટ**

**૧. કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્ર**

પીડીલાઈટ કંપની મુંબઈ અને ગુજરાત સરકારના બાગાયત વિભાગ અને ગ્રા.દ.મૂ. મણારના સયુંક્ત આર્થિક તથા નોલેજ પાર્ટનર તરીકેના સહયોગથી ૨૬ એપ્રિલ ૨૦૧૭ના રોજથી આ કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.ગ્રા.દ.મૂ.મણારની નબળી અને બીન ઉપજાઉ લગભગ ૨૦ એકર જેટલી જમીન ફાળવવામાં આવી. આ જમીનને નવ સાધ્ય કરી હાલ નીચે પ્રમાણેના ફળ ઝાડ, સુગંધી ઘાસ, શાકભાજી, આયુવેર્દિક વનસ્પતિ અને વિવિધ પાકો વાવવામાં આવ્યા.

| ક્રમ | ફળ-ઝાડ | સુંગધી ઘાસ | આયુર્વેદિક વનસ્પતિ | શાકભાજી | વિવિધ પાકો |
|---|---|---|---|---|---|
| ૧ | સરગવા | લેમનગ્રાસ | મીઠી આવળ (સૈના) | રીંગણી | મકાઈ |
| ૨ | આંબળા | પામારોઝા | શંખ પુષ્પી | ટમેટી | રાયડો |
| ૩ | સીતાફળ | સીટ્રેનલા | અશ્વગંધા | કોબીજ | સોયાબીન |
| ૪ | દાડમ | વેટીવટ | કાલમેઘ | ફલાવર | મગફળી |
| ૫ | જામફળ | | તુલસી | કેપ્સીકમ | કપાસ |
| ૬ | ખજુરી | | એલોવીરા | કાકડી | તુવેર |
| ૭ | આંબા | | હળદર | | |
| ૮ | ચીકુ | | ઈસબગુલ | | |
| ૯ | અંજીર | | | | |
| ૧૦ | પાઈનેપલ | | | | |
| ૧૧ | ડ્રેગન ફ્રૂટ | | | | |
| ૧૨ | નાળિયેરી | | | | |

ઉપરોક્ત તમામ વાવેતરમાં અહીંના પ્રાકૃતિક વાતાવરણ અને તમામ કાર્યકરોના સહયોગથી પ્રેરણાત્મક અને પ્રોત્સાહક પરિણામ મળી રહ્યાં છે.

બિનપરંપરાગત ખેતીના અનુસંધાને ૪૦૦૦ જેટલા પાઈનેપલ રોપવામાં આવ્યાં. દરેક ફળ-ઝાડમાં ડ્રિપ ઈરિગેશન તથા ફુવારા પદ્ધતિથી પિયતની સુવિધા કરવામાં આવી.

કેન્દ્રમાં આંબાની બે નવી જાત મલ્લિકા અને આલ્ફાંઝો, ચીકુમાં સ્વીટ બોલ, અને નાળિયેરીમાં બે નવી વેરાયટી કર્ણાટક અને છત્તીશગઢથી લાવી રોપવામાં આવેલ રોપાંઓના રક્ષણ અને સંવર્ધન માટે બે દેશી બનાવટના નેટ હાઉસ બનાવવામાં આવ્યાં.

નીચેના ગામોમાં ખેડૂત મંડળની રચના કરવામાં આવી.

| ક્રમ | ગામનું નામ | તાલુકો | ખેડૂત સભ્ય સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સોંસિયા વાડી વિસ્તાર | તળાજા | ૨૨ |
| ૨. | કઠવા ગામ | તળાજા | ૨૧ |
| ૩. | બોરલા ગામ | તળાજા | ૨૫ |
| ૪. | તખતગઢ | તળાજા | ૧૮ |
| ૫. | ગોળિયાળી રામપર | તળાજા | ૧૭ |
| ૬. | મોટા સુરકા | સિહોર | ૨૨ |
| ૭. | પીપળીયા | સિહોર | ૫૫ |
| ૮. | બેલા | તળાજા | ૨૩ |
| ૯. | મણાર ગામ | તળાજા | ૨૯ |
| ૧૦. | અલંગ | તળાજા | ૩૩ |
| ૧૧. | સોસીયા ગામ | તળાજા | ૨૧ |
| ૧૨. | ભાખંલ | ઘોઘા | ૩૭ |

આ મંડળોની કુલ -૧૭ ખેડૂત સભા યોજવામાં આવી, જેમાં ગુજરાત રાજયના કૃષિ યુનિ.નિવૃત અધ્યાપક શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી ભલાણીસાહેબ, શ્રી કાપડિયાસાહેબ વગેરે જેવા નિષ્ણાંતો દ્વારા આંબા, ચીકુ, કપાસ, મગફળી, ડુંગળી, લીંબુ, જામફળ, હળદર વગેરે પાકોના વાવેતર માટે માર્ગદર્શન આપવામાં આવેલ.

**કેન્દ્રની કેટલીક નોંધનીય બાબતોઃ-**

ભાવનગર જિલ્લાના વિકાસ અધિકારીશ્રી વરૂણકુમાર બરનવાલે આ કેન્દ્રની રૂબરૂ મુલાકાત લીધી. અહીના નિદર્શન પ્લોટ જોઈને ખૂબ જ પ્રભાવિત થયા તેમણે ભાવનગર જિલ્લાના તળાજા, પાલીતાણા, શિહોર, જેસર, મહુવા અને ઘોઘા તાલુકાના સરકારશ્રીના આત્મા પ્રોજેક્ટના ખેડૂતોનો ત્રિદિવસીય ફિલ્ડ વિઝીટનો કાર્યક્રમ યોજવાનું સૂચન કર્યું. અ ફિલ્ડ વિઝીટમાં ૫૫૦ કરતાં વધારે ખેડૂતો જોડાયાં અને તેઓને વિવિધ કૃષિ બાગાયતી પાકોની માહિતી તજજ્ઞો દ્વારા આપવામાં આવી.

આ કેન્દ્રની પ્રગતિ અને સફળતાથી પ્રભાવિત થઈ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વરૂણકુમાર દ્વારા અહીંના

પ્રોજેક્ટ ઈનચાર્જ ડૉ. વીરેન્દ્રસિંહને ડીસ્ટ્રીક મેનેજમેન્ટ કમિટીમાં સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યાં. આ ફિલ્ડ વિઝીટમાં કોર્ટન કિપિંગ બેગ અને મગફળી ફોલવાના મશીનનો ડેમો આપવામાં આવ્યો. આ ઉપરાંત સીટ્રેનલા સુગંધી ઘાસ જે મચ્છરોની સામે રક્ષણ આપે છે, તેનું ભાવનગર જિલ્લામાં કુલ ૧૦૦ એકરમાં વાવેતર કરવાનું છે.

**કેન્દ્ર દ્વારા આયોજાયેલ શિબિર અને ખેડૂત સંમેલનઃ-**

| ક્રમ | સ્થળ | કાર્યક્રમની વિગત | માર્ગદર્શક | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ઉમરલા | ડુંગળી, કપાસ, કેળા, મગફળી, શેરડી જેવા પાકોમાં રોગ નિયંત્રણ અંગે માહિતી | - | ૧૦૦ |
| ૨ | મણાર | ફળાઉ ઝાડ તથા આંબા-ચીકુના માર્ગદર્શન | શ્રી કાપડિયાસાહેબ | ૫૦ |
| ૩ | મણાર | ખેડૂત સંમેલન | શ્રી અરુણભાઈ દવે | ૨૦૦ |
| ૪ | મણાર | સુંગધીત ઘાસના તેલ અંગે માર્ગદર્શન | શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી | ૬૦ |
| ૫ | મણાર | રોગ નિયંત્રણ માર્ગદર્શન | શ્રી મહેતાસાહેબ, શ્રી ઘનશ્યામભાઈ પટેલ | ૭૦ |
| ૬ | મણાર | આત્મા પ્રોજેકટના સહયોગથી ખેડૂત શિબિર | આત્મા પ્રોજેકટના અધિકારીઓ | ૧૪૦ |

**પ્રેરણા પ્રવાસ અને ફિલ્ડ વિઝીટઃ-**

| ગામ | મુલાકાત સ્થળ | વિષય | લાભ લેનાર |
|---|---|---|---|
| આસરાણા | એસ્ટીમ કંપની, સંઘવી ફાર્મ | નેટ હાઉસ | શ્રી વિરેન્દ્રસિંહ અને શ્રી સુરસંગભાઈ ચૌહાણ |
| મુંબઈ | પીડીલાઈટ કંપની | કેન્દ્રની માહિતી તથા કામનો અહેવાલ | શ્રી વિરેન્દ્રસિંહ અને શ્રી સુરસંગભાઈ ચૌહાણ |
| અનિડા | - | પાણી સંગ્રહ શિબિર | શ્રી વિરેન્દ્રસિંહ અને ત્રણ કાર્યકરો |
| તલાલા | સેન્ટર ફોર મેંગો | આંબાના પાક માટે | ૧૦ ગામોના ૭૦ ખેડૂતો |
| મોટા સુરકા | - | લીંબુ, જામફળ, દાડમના પાક | શ્રી વિરેન્દ્રસિંહ અને શ્રી સુરસંગભાઈ ચૌહાણ |
| તખતગઢ | - | હળદર અને શતાવરી | શ્રી વિરેન્દ્રસિંહ અને શ્રી સુરસંગભાઈ ચૌહાણ |

આ કેન્દ્રની મુલાકાત વર્ષ દરમિયાન અંદાજિત ૧૦૦૦થી વધારે ખેડૂતોએ લીધી.

મુલાકાત લેનાર મહાનુભાવોની યાદી નીચે મુજબ છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભાવનગર

તાલુકા વિકાસ અધિકારીશ્રી તળાજા

આત્મા પ્રોજેક્ટના ભાવનગર જિલ્લાના ઈનચાર્જ અધિકારીશ્રીઓ

તળાજા, મહુવા, ઘોઘા, જેસર, શિહોર, પાલીતાણા તાલુકાના આત્મા પ્રોજેક્ટના અધિકારીશ્રીઓ

પીડીલાઈટ કંપનીના ૪ જેટલા વિવિધ ગ્રુપો

ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન કળસારના કાર્યકરો

મહુવા ગામ વિકાસ કેન્દ્રના કાર્યકરો

જાણીતા કેળવણીકાર અને સાહિત્યકાર શ્રી મનસુખભાઈ સલ્લા

સ્વામીનારાયણ સંપ્રદાયના વિવિધ ત્રણ ગ્રુપ ઉપરાંત ઘણાં મહેમાનો

હાલ આ કેન્દ્રનાં મકાનો, જેવા કે કેનિગ સેન્ટર, સંશોધન કેન્દ્ર, સ્ટાફ કવાર્ટર, અને ઓફિસનાં મકાનોનું બાંધકામ ચાલુ છે.

**વોટર ઈનીશિયેટીવ પ્રોગ્રામ**

- પીડીલાઈટ કંપની મુંબઈના આર્થિક તેમજ ટેકનીકલ સહયોગથી મણાર કેન્દ્રમાં આ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત તળાજા તાલુકાનાં ચાર ગામોમાં એક ચેક ડેમ કામ પૂર્ણ કરવામાં આવ્યું અને સરકારશ્રીના સુજલામ સુફલામ કાર્યક્રમ અંતર્ગત ૮ તળાવોને ઊંડા ઉતારવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.
- આ કામો માટે પીડીલાઈટ કંપની તરફથી બે જે.સી.બી. ત્રણ ટેકટર, એક પાણી માટે ટેકટર, તથા એક મિકસર મશીન સેન્ટીંગ કામનો સામાન વગેરે સંસ્થાને આપવામાં આવ્યો. આ પ્રોજેક્ટને સફળ બનાવવા એક ઈજનેર અને એક સુપરવાઝરની પણ સુવિધા આપવામાં આવી છે. હાલ પાલીતાણા તાલુકાના ચાર ચેકડેમ બનાવવાનું શરૂ છે.

**૨. કૌશલ્ય વર્ધન કેન્દ્ર**

પીડીલાઈટ અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસથી આપણા મણાર કેમ્પસ ઉપર આ કૌશલ્ય વર્ધન કેન્દ્ર છેલ્લા ચાર વર્ષથી ચલાવવામાં આવે છે. જેમાં અહીંના ધોરણ-૦૯ થી ૧૨ના છાત્ર-છાત્રાઓને તેમ જ આજુ બાજુનાં ગામનાં લાભાર્થીઓને કોમ્પ્યુટર, સ્પોકન ઈંગ્લિશ, તથા શીવણની વિશેષ તાલીમ આપવામાં આવે છે. આજ દિન સુધીમાં નીચે પ્રમાણેની તાલીમમાં તાલીમાર્થીઓએ લાભ લીધેલ છે.

**શીવણ વર્ગો**

| ક્રમ | વર્ષ | તાલીમાર્થી સંખ્યા | તાલીમનો સમયગાળો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૨૦ | ૩ માસ |
| ૨ | ૨૦૧૭ | ૪૦ | ૩ માસ |
| ૩ | ૨૦૧૮ | ૬૨ | ૩ માસ |
| કુલ | | ૧૨૨ | |

**સ્પોકન ઈંગ્લીશ વર્ગો**

| ક્રમ | વર્ષ | તાલીમાર્થી સંખ્યા | તાલીમનો સમયગાળો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૦૦ | ૨ માસ |
| ૨ | ૨૦૧૭ | ૬૫ | ૨ માસ |
| ૩ | ૨૦૧૮ | ૧૨૦ | ૨ માસ |
| કુલ | | ૧૮૫ | |

**કોમ્પ્યુટર વર્ગો**

| ક્રમ | વર્ષ | તાલીમાર્થી સંખ્યા | તાલીમનો સમયગાળો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૬૦ | ૨ માસ |
| ૨ | ૨૦૧૭ | ૧૧૦ | ૨ માસ |
| ૩ | ૨૦૧૮ | ૧૬૦ | ૨ માસ |
| કુલ | | ૩૩૦ | |

**૩. દર્શક લોકગંગા પ્રોજેક્ટ**

પ્રાથમિકશાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ અને સ્વાનુભવ દ્વારા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી શીખે તથા આજુ-બાજુનાં ગામડાઓનાં લોકોની કેળવણી થાય તે માટે તળાજા તાલુકાના કુલ ૭૫ ગામમાં આ પ્રોજેક્ટ ચાલે છે. તેમાં શાળાઓને આવરી લેવામાં આવેલ છે. હાલ આ પ્રોજેક્ટમાં બે કાર્યકરો નિયમિત રીતે ઉપરોક્ત ગામડાં અને તેની પ્રાથમિકશાળાની મુલાકાત લે છે અને નિશ્ચિત થયેલા કાર્યક્રમ મુજબ સતત કામ કરતાં રહેલાં છે. આ પ્રોજક્ટમાં ૧૫ ગામનાં ધોરણ ૬ થી ૮નાં ૧૧૨૭ બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત તેના કાર્યકરોની દર ત્રણ માસે લોકભારતી દ્વારા વિવિધ સ્થળોએ તાલીમ યોજવામાં આવે જે તાલીમ પ્રમાણે ૨૧ પ્રાથમિક શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિ કરવામાં આવી.

લાભ લેનાર પ્રાથમિકશાળાઓ અને તેની સંખ્યા

| ક્રમ | શાળાનું નામ | સંખ્યા | ક્રમ | શાળાનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મણાર સંસ્થા પ્રાથમિક શાળા | ૬૫ | ૧૧ | બોરલા પ્રાથમિક શાળા | ૬૨ |
| ૨ | મણાર કુમાર શાળા | ૪૮ | ૧૨ | ઉમરલા પ્રાથમિક શાળા | ૪૩ |
| ૩ | મણાર કન્યા શાળા | ૫૫ | ૧૩ | જસપરા પ્રાથમિક શાળા | ૬૨ |
| ૪ | સોસીયા કન્યા શાળા | ૪૨ | ૧૪ | માંડવા પ્રાથમિક શાળા | ૫૧ |
| ૫ | સોસીયા કુમાર શાળા | ૩૮ | ૧૫ | મીઠીવીરડી પ્રાથમિક શાળા | ૯૨ |
| ૬ | કઠવા પ્રાથમિક શાળા | ૪૦ | ૧૬ | સોસીયા કુમાર શાળા | ૪૫ |
| ૭ | અલંગ પ્રાથમિક શાળા | ૪૨ | ૧૭ | ભાંખલ પ્રાથમિક શાળા | ૩૬ |
| ૮ | મથાવડા પ્રાથમિક શાળા | ૮૮ | ૧૮ | કંટાળા પ્રાથમિક શાળા | ૫૮ |
| ૯ | અલંગ વાડી વિસ્તાર પ્રા. શાળા | ૫૬ | ૧૯ | રામપરા પ્રાથમિક શાળા | ૪૬ |
| ૧૦ | બેલા પ્રાથમિક શાળા | ૫૮ | ૨૦ | તખતગઢ પ્રાથમિક શાળા | ૩૨ |
| | | | ૨૧ | ભાવપુરા પ્રાથમિક શાળા | ૬૮ |

**કાર્યકર સજ્જતા**

વિદ્યાર્થીઓની જેમ જ કાર્યકરોનું પણ ઘડતર થાય તે માટે બન્ને સંસ્થાઓના કાર્યકરો નીચેની વિગત પ્રમાણે પ્રવાસ તેમજ અનેક શિબિરમાં ભાગ લઈ આવ્યાં.

વર્ષ દરમિયાન આંબલા તથા મણારના કાર્યકરો અને તાલીમ તથા સેમિનાર-વર્કશોપમાં જઈ આવેલા જે નીચે મુજબ છે.

| સંસ્થા | તારીખ | કાર્યકરો | સેમિનાર-વર્કશોપ-શિબિર |
|---|---|---|---|
| મણાર | ૦૯-૦૨-૧૮થી ૧૦-૦૨-૧૮ | શ્રી અંકુરભાઈ શાહ | ક્રિયાત્મક સંશોધન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| મણાર | - | કાર્યકરો | મહુવા ગ્રામ નિર્માણ સમાજ, મહુવા |
| આંબલા | ૨૭-૧૨-૧૭થી ૨૯-૧૨-૧૭ | શ્રી ગૌરાંગભાઈ વોરા | સજીવ ખેતી સાત્વિક મેળો, અમદાવાદ |
| આંબલા | ૧૬-૧૨-૧૭ | શ્રી ગૌરાંગભાઈ વોરા | સંચાલક મંડળ મિટીંગ, ભાવનગર |
| આંબલા | - | શ્રી ગૌરાંગભાઈ વોરા | સમન્વય ગોષ્ઠિ, આંબરડી |
| મણાર | ૨૨-૧૨-૧૭ | શ્રી મનસુખભાઈ ગુજરિયા<br>શ્રી ભરતભાઈ ગુજરિયા | આચાર્ય ભરતી શાળાકીય ગ્રાંટ નિતિ |
| મણાર | - | શ્રી વિરેન્દ્રસિંગ અને<br>શ્રી સુરસંગભાઈ ચૌહાણ | કૃષિ બાગાયત કેન્દ્ર આયોજન, મુંબઈ |
| મણાર | - | શ્રી વિરેન્દ્રસિંગ અને<br>શ્રી સુરસંગભાઈ ચૌહાણ<br>ત્રણ કાર્યકરો | પાણી સંગ્રહ શિબિર, અનિડા |
| આંબલા | ૦૭-૦૪-૧૮થી ૦૯-૦૪-૧૮ | શ્રી ગૌરાંગભાઈ વોરા | ગુજરાત આચાર્ય સંઘ અધિવેશન,ભોજદે(ગીર) |
| મણાર | ૦૭-૦૪-૧૮થી ૦૯-૦૪-૧૮ | શ્રી મનસુખભાઈ ગુજરિયા | ગુજરાત આચાર્ય સંઘ અધિવેશન,ભોજદે(ગીર) |
| મણાર | ૩૦-૦૧-૧૮થી ૦૧-૦૨-૧૮ | શ્રી કંચનબેન થડોદા | યોગ-પ્રાણાયમ શિબિર, પાલીતાણા |
| મણાર | ૦૨-૦૨-૧૮થી ૦૩-૦૨-૧૮ | શ્રી વિનોદભાઈ વાઘેલા | ટી.સી.ટી. તાલીમ, રાજપરા |
| મણાર | ૦૯-૦૫-૧૮ | શ્રી સુરસંગભાઈ ચૌહાણ | ગુજરાત કેળવણી પરિષદ, જામનગર |
| મણાર | - | શ્રી સુરસંગભાઈ ચૌહાણ | ગૌશાળા પાંજરાપોળ સંઘ, ગાંધીનગર |
| આંબલા | ૦૨-૦૮-૧૮થી ૦૩-૦૮-૧૮ | શ્રી ગૌરાંગભાઈ વોરા<br>શ્રી શાંતિભાઈ | રેલી તાલીમ, સણોસરા |
| આંબલા | ૦૭-૦૮-૧૮થી ૧૧-૦૮-૧૮ | શ્રી ગૌરાંગભાઈ વોરા | હાર્ટફુલનેસ મેડીટેશન, હૈદરાબાદ |

| સંસ્થા | તારીખ | કાર્યકરો | સેમિનાર-વર્કશોપ-શિબિર |
|---|---|---|---|
| આંબલા | - | શ્રી નરેન્દ્રભાઈ મકવાણા | વન્યપ્રાણી સપ્તાહ મિટીંગ, ભાવનગર |
| આંબલા | ૧૧-૦૯-૧૮થી ૧૨-૦૯-૧૮ | શ્રી શાંતિભાઈ | રેલી તાલીમ શિબિર, અમદાવાદ |
| મણાર | ૧૧-૦૯-૧૮થી ૧૨-૦૯-૧૮ | શ્રી પ્રવિણભાઈ ડોડીયા | રેલી તાલીમ શિબિર, અમદાવાદ |

### ગૃહવિજ્ઞાન

બન્ને સંસ્થાઓમાં ગૃહવિજ્ઞાનની બહેનો અનેક વાનગીઓ બનાવતા, વિવિધ પ્રકારના શીવણકામ કરતાં, ભરતકામ કરતાં શીખી, તેમજ આ વર્ષે ગૃહવિજ્ઞાન વિષયના પ્રાયોગિક કામોમાં હાલના સમય પ્રમાણે નવી ટેકનોલોજીના ઘર વપરાશનાં સાધનોનો કેમ ઉપયોગ કરવો તેના શિક્ષણ માટે અનેક સાધનો વસાવવામાં આવ્યાં. તેનો ઉપયોગ તથા સાચવણીની કાળજી વિષે માહિતી આપવામાં આવી.

આંબલાની બહેનો દ્વારા બનાવેલ ખાદીના થેલા, પાકીટ, ફાઈલને વેચાણમાં પણ મૂકવામાં આવે છે જેથી બહેનો પોતાના પગ ભર થાય તેની તાલીમ પણ આપવામાં આવે છે.

### રસોડા વિભાગ

બન્ને સંસ્થામાં બન્ને કેમ્પસમાં રસોડા ચાલે છે. સંસ્થાના મૂલ્યો અને જીવન લક્ષી શિક્ષણમાં છાત્રાલયની જેમ રસોડાનું પણ ખૂબ જ મહત્વ આપવામાં આવેલ છે.

- મણારમાં પોષી પુનમ બહેનોએ આખો દિવસ ઉપવાસ કરી ઊજવી. અને સાંજના ખીર-રોટલી તથા સૂકીભાજીનો ચાંદની રાતમાં આસ્વાદ માણ્યો.
- આંબલામાં દર માસની પુનમે કાર્યકરો તથા વિદ્યાર્થીઓનું સમૂહ ભોજન તેમજ તહેવારો નિમિતે મહા ભોજનનું આયોજન કરવામાં આવ્યું, અને રસોડાએ સર્વને કઢી ખીચડીનો આસ્વાદ કરાવ્યો તેમજ શરદ પૂર્ણમાના દિવસે ઉંધિયુ -પૂરી અને મણારમાં દૂધ-પૌંવા, સૂકીભાજીનો કાર્યક્રમ રહ્યો.

### કોઠાર વિભાગ

જીવન શિક્ષણના ભાગ રૂપે કોઠાર પણ મહત્ત્વનો છે. બન્ને સંસ્થાઓના કોઠાર વિભાગમાં દર વર્ષની જેમ વિદ્યાર્થી અને કાર્યકરોને ધ્યાનમાં રાખીને વર્ષ દરમિયાન ખરીદી કરવામાં આવી. બજારમાંથી અઠવાડિયામાં બે વાર શાકભાજી લાવવામાં આવે છે. જેથી દરેકને સસ્તાં અને તાજાં શાકભાજી મળ્યાં.

### પુસ્તકાલય વિભાગ

• બન્ને સંસ્થાઓમાં પુસ્તકાલયમાં ત્રણ પ્રકારની વાચન સામગ્રી વસાવવામાં આવેલ છે.

૧.દૈનિક વર્તમાનપત્રો　　૨. સામયિક　　૩.પુસ્તકો

આ પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા કાર્યકરો લાભ લે છે.

- મુખ્ય ચાર વર્તમાન પત્રો આવે છે. ગુજરાત સમાચાર, સૌરાષ્ટ્ર સમાચાર, ફુલછાબ, અને સંદેશ. આ ઉપરાંત શાળા ગ્રંથાલયમાં ગુજરાતી હિન્દી તથા અંગ્રેજી એમ કુલ મળી ૧૫૪૬૨ પુસ્તકોનો સંગ્રહ છે. ૪૦ કરતાં વધારે

સામયિક આવે છે. મણાર ૧૧૦૦૦ કરતાં વધારે પુસ્તકો છે, ૩૦ જેટલાં સામયિકો આવે છે.

- પુસ્તકોને વર્ગીકૃત -સૂચિકૃત કરેલ કોઈ પણ ભાષા કે વિષયનું પુસ્તક એક મિનિટથી ઓછા સમયમાં પસંદગી મુજબ આપી શકાય તેવી વ્યવસ્થા ગોઠવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૫ -૨૦૧૬ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૨૫ તથા શિક્ષક મિત્રો દ્વારા ૧૬૫ કુલ ૧૧૯૦ પુસ્તકો વાંચવા માટે અપાયેલાં છે.
- આ પુસ્તકાલયોમાં આપણા પૂ.દાદાઓના ખૂબ જ જૂના પુસ્તકોનો સંગ્રહ સારી રીતે સચવાયો છે.

**સંગીત - નાટ્ય**

આંબલા અને મણારમાં સંગીતના વર્ગો ખૂબ જ સરસ રીતે ચલાવવામાં આવે છે. આંબલામાં શ્રી ભરતભાઈ દવે તેમજ મણારમાં તુષારભાઈ ગોસ્વામી દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે.

- આ વર્ષે આંબલા મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ આયોજિત સંગીત શિબિર યોજાઈ હતી તેમાં જુદી જુદી ૧૦ લોકશાળાનાં ૬૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધેલ.
- સંગીત શિબિરનું ઉદ્‌ઘાટન શ્રી મેહુલભાઈ ભટ્ટના હસ્તે કરવામાં આવેલ. અને સમાપન લોકભારતીના નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિના હસ્તે કરવામાં આવેલ.
- આ શિબિરમાં તજજ્ઞ તરીકે શ્રી ધ્રુવભાઈ દવે, શ્રી ભરતભાઈ દવે, શ્રી મહેશભાઈ પરમાર અને થોરડી અને આંબરડીના શિક્ષકોએ માર્ગદર્શન પૂરું પાડેલ. વચ્ચે લોકભારતીના પી.ટી.સી.ના આચાર્યા શ્રી ભાવનાબેન દ્વારા પણ માર્ગદર્શન આપવામાં આવેલ.

**બાલવાડી**

ભાવનગર - રાજકોટ હાઈ-વે ઉપર બરાબર આંબલા ગામની વચ્ચે "પૂ. નાનાદાદા સ્મૃતિ બાલવાડી" નિયમિત રીતે ચલાવવામાં આવી. આંબલા લોકશાળાની ગૃહવિજ્ઞાન વિભાગની બહેનોએ વર્ષ દરમિયાન બાલવાડીનાં બાળકોને તાજો, પોષ્ટિક અને ગરમ - ગરમ નાસ્તો પૂરો પાડ્યો. હાલ બાલવાડીમાં ૨૫ જેટલાં બાળકોની સંખ્યા આવે છે.

**કોડિયું**

વર્ષ દરમિયાન "કોડિયું" માસિકનું નિયમિત પ્રકાશન કરવામાં આવ્યું. હાલ કોડિયુંના ૯૯૦ ગ્રાહકો છે. આ મેગેઝિન આર્થિક રીતે પોસાય તે માટે ગ્રાહકોની સંખ્યા વધારવાની જરૂર છે. જેમાં આપ સૌના સહયોગની આવશ્યકતા છે. વર્ષ દરમિયાન કુલ નવ અંકો રંગીન/મુખપૃષ્ઠવાળા પ્રકાશિત કરવામાં આવ્યાં.

આ વિભાગ ત્રણેય સંસ્થાના સહયારા પુરુષાર્થથી ખુબ જ સારી રીતે ચાલે છે. આ કાર્યમાં લોકભારતીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકર શ્રી પ્રશાંતભાઈ મહેતા, બી.એડ.વિભાગના શ્રી સંદિપભાઈ ઊંડવિયા અને આંબલા સંસ્થાના શ્રી દિપકભાઈ પંડયા, શ્રી રવિભાઈ પંડયા વિનામૂલ્યે સેવા આપી ખૂબ જ સારી રીતે સેવા બજાવે છે. તેઓને ધન્યવાદ.

**બંને સંસ્થામાં પધારેલ મહેમાનોની યાદી**

વર્ષ દરમિયાન બન્ને સંસ્થાઓમાં અનેક મહેમાનો તથા વિવિધ સંસ્થાઓ મુલાકાતે આવી ગયેલ જે નીચે મુજબ છે.

**આંબલા સંસ્થાની મુલાકાતે આવેલ મહેમાનોની યાદી**

| ક્રમ | મુલાકાતીનું નામ | હોદ્દો | પ્રસંગ |
|---|---|---|---|
| ૧ | શ્રી નઝીરભાઈ તથા મિત્રો | કચ્છ | સંસ્થા મુલાકાત |
| ૨ | શ્રી ઈન્દુભાઈ વાઘાણી | ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમેરીકા | સંસ્થા મુલાકાત |
| ૩ | શ્રી કીર્તીભાઈ રામાનુજ | ભૂતપૂર્વ વિદ્યાર્થી, ભાવનગર | સંસ્થા મુલાકાત |
| ૪ | શ્રી દિપકભાઈ યાત્રી | દિલ્હી | માઈમ વર્કશોપ |
| ૫ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | ભૂતપૂર્વ કાર્યકર, લોકભારતી | વકતા, પૂ.નાનાભાઈ પુણ્યતિથિ |
| ૬ | શ્રી અશોકભાઈ વિદ્વાંસ પરિવાર | ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમેરીકા | સંસ્થા મુલાકાત |
| ૭ | કાશ્મીરના શિક્ષકોની ટીમ | કાશ્મીર | સંસ્થા મુલાકાત |
| ૮ | શ્રી અરુણભાઈ દવે | મેને. ટ્રસ્ટીશ્રી, લોકભારતી | વકતા, બ્રીજ કોર્સ |
| ૯ | શ્રી મેહુલભાઈ ભાલ | શિક્ષક, પાલીતાણા | વકતા, બ્રીજ કોર્સ |
| ૧૦ | શ્રી ઉમાકાંતભાઈ રાજયગુરુ | ભૂતપૂર્વ કાર્યકર, તળાજા | વકતા, બ્રીજ કોર્સ |
| ૧૧ | શ્રી વિશાલભાઈ જોશી | લોકભારતી કાર્યકર | વકતા, બ્રીજ કોર્સ |
| ૧૨ | શ્રી દિપ્તીબેન વાઘેલા | લોકભારતી કાર્યકર | વકતા, બ્રીજ કોર્સ |
| ૧૩ | શ્રી દિગંતભાઈ મહેતા | લોકભારતી કાર્યકર | વકતા, બ્રીજ કોસ |
| ૧૪ | માં ફાઉન્ડેશનના કાર્યકરો | - | વકતા, બ્રીજ કોર્સ |
| ૧૫ | રેડક્રોસ સોસાયટી કાર્યકર | - | વકતા, ડિઝાસ્ટર તાલીમ |
| ૧૬ | શ્રી રામભાઈ ત્રિવેદી | હાર્ટફુલનેસ, ભાવનગર | વકતા, મેટીટેશન તાલીમ |
| ૧૭ | શ્રી કૌશિકભાઈ પારેખ | નિવૃત શિક્ષક, પોરબંદર | માર્ગદર્શક,વૈદિક ગણિત તાલીમ |
| ૧૮ | શ્રી ભાવનાબહેન પારેખ | નિવૃત શિક્ષક, પોરબંદર | માર્ગદર્શક,એકયુપ્રેશર તાલીમ |
| ૧૯ | શ્રી પ્રકાશભાઈ શાહ | ટ્રસ્ટીશ્રી, અમદાવાદ | ટ્રસ્ટી મંડળ મિટીંગ |
| ૨૦ | શ્રી કપિલભાઈ શાહ | ટ્રસ્ટીશ્રી, વડોદરા | ટ્રસ્ટી મંડળ મિટીંગ |
| ૨૧ | શ્રી બી.એ.પી.એસ.ના સંતો | સંતો, ભાવનગર | વકતા, વ્યસન મુકિત શિબિર |
| ૨૨ | શ્રી નરેન્દ્રભાઈ | એન.વાય.પી. યુથ, મહારાષ્ટ્ર | માર્ગદર્શક, |
| ૨૩ | શ્રી હર્ષદભાઈ | એન.વાય.પી. યુથ, મહારાષ્ટ્ર | ભારતકી સંતાન |
| ૨૪ | શ્રી મેહુલભાઈ | એન.વાય.પી. યુથ, મહારાષ્ટ્ર | વર્કશોપ |
| ૨૫ | શ્રી પ્રકાશભાઈ અંજનાબેન ભગવતી | દાતા | સંસ્થા મુલાકાત |
| ૨૬ | શ્રી ડૉ. રામજી રાઘવન | બેંગ્લોર | સંસ્થા મુલાકાત |
| ૨૭ | શ્રી સાધ્વી સંઘમિત્રાજી | વિરાયત સંસ્થા, પાલીતાણા | વકતા, રક્ષાબંધન |
| ૨૮ | શ્રી વિનોદભાઈ કેવડીયા | ભૂતપૂર્વ વિદ્યાર્થી | સંસ્થા મુલાકાત |
| ૨૯ | શ્રી મહેન્દ્રસિંહ પરમાર | અધ્યાપક,મ.કૃ. યુનિ., ભાવનગર | સંસ્થા મુલાકાત |
| ૩૦ | શ્રી આર.કે. ગોહિલ | અધ્યાપક,મ.કૃ. યુનિ., ભાવનગર | સંસ્થા મુલાકાત |
| ૩૧ | શ્રી ગઢવીસાહેબ | આર.એફ.ઓ., સિહોર | વકતા, વન્યપ્રાણી સપ્તાહ ઉજવણી |
| ૩૨ | શ્રી સોલંકીસાહેબ | ફોરેસ્ટ ઓફિસર, સિહોર | વકતા, વન્યપ્રાણી સપ્તાહ ઉજવણી |

| | | | |
|---|---|---|---|
| ૩૩ | શ્રી રાજહંસ નેચરકલબ પ્રતિનિધિ મંડળ | - | વકતા, વન્યપ્રાણી સપ્તાહ ઉજવણી |
| ૩૪ | ઉમરાળા કન્યા વિદ્યાલયની બહેનો | વિદ્યાર્થીની બહેનો, ઉમરાળા | સંસ્થા મુલાકાત |
| ૩૫ | પાલનપુર ડાયડ પ્રતિનિધિ મંડળ | કાર્યકરો, પાલનપુર | સંસ્થા મુલાકાત |
| ૩૬ | શ્રી પાર્શ્વેથભાઈ પંડયા | અમદાવાદ | સંસ્થા મુલાકાત |
| ૩૭ | શ્રી સંજયભાઈ તલસાણીયા | આચાર્ય, ભાવનગર તાલીમ ભવન | વકતા, ગાંધી ૧૫૦ ઉજવણી |
| ૩૮ | શ્રી ધ્રુવભાઈ દવે | સંગીત તજજ્ઞ | તજજ્ઞ, સંગીત શિબિર |
| ૩૯ | શ્રી મહેશભાઈ પરમાર | સંગીત તજજ્ઞ | તજજ્ઞ, સંગીત શિબિર |
| ૪૦ | શ્રી મેહુલભાઈ ભટ્ટ | ભુતપૂર્વ ઉપનિયામક, આંબલા | વકતા, સંગીત શિબિર |
| ૪૧ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | નિયામકશ્રી, લોકભારતી | વકતા, સંગીત શિબિર |
| ૪૨ | શ્રી ભાવનાબેન પાઠક | આચાર્ય, અધ્યાપન મંદિર, લોકભારતી | તજજ્ઞ, સંગીત શિબિર |
| ૪૩ | શ્રી ગાંધીવિચાર કોર્સના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તથા શ્રી કપિલભાઈ દેશવાલ | વિદ્યાર્થીઓ | સંસ્થા મુલાકાત |
| ૪૪ | શ્રી મેહુલભાઈ લવતુકા | ભા.ડિ.કો.બેંકના ડાયરેકટર | સંસ્થા મુલાકાત |
| ૪૫ | શ્રી કૃષ્ણ દવે | કવિ | વકતા |
| ૪૬ | શ્રી સમન્વય ગ્રુપના કાર્યકરો | - | સંસ્થા મુલાકાત |
| ૪૭ | શ્રી માનપુર સંસ્થાના કાર્યકરો વિદ્યાર્થીઓ | - | સંસ્થા મુલાકાત |
| ૪૮ | શ્રી સુવ્રત વલ્લભદાસ સ્વામીજી | સ્વામીનારાયણ ગુરુકુળના સંતો | સંસ્થા મુલાકાત |
| ૪૯ | શ્રી વ્રજજીવનદાસ સ્વામી | સ્વામીનારાયણ ગુરુકુળના સંતો | સંસ્થા મુલાકાત |

**મણાર સંસ્થાની મુલાકાતે આવેલ મહેમાનોની યાદી**

આ બન્ને સંસ્થાઓમાં અનેક મહાનુભાવો તેમજ ખેડૂતો સંસ્થાની મુલાકાતે આવી ગયેલ.

| ક્રમ | મુલાકાતીનું નામ | હોદ્દો | પ્રસંગ |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ટ્રસ્ટીશ્રી, લોકભારતી | સંસ્થા મુલાકાત |
| ૨ | એગ્રોસેલની ટીમ | પ્રતિનિધિ, કચ્છ | સીડ પ્લોટની મુલાકાત |
| ૩ | શ્રી ભલાણીસાહેબ | બાગાયત નિષ્ણાંત, કચ્છ | માર્ગદર્શન |
| ૪ | શ્રી ઘનશ્યામભાઈ પટેલ | કીટકશાસ્ત્ર, મહુવા | માર્ગદર્શન |
| ૫ | કાર્યકરો | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | સંસ્થા મુલાકાત |
| ૬ | વિદ્યાર્થીઓ અને કાર્યકર | શ્રી વળાવડ કન્યા વિદ્યાલય, વળાવડ | સંસ્થા મુલાકાત |
| ૭ | સીનીયર કાર્યકરો | પીડીલાઈટ કંપની, મુંબઈ | કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાત |
| ૮ | શ્રી પીનાકીનભાઈ મકવાણા | ખાદી જાગૃતિ, ભાવનગર | સંસ્થા મુલાકાત |
| ૯ | શ્રી અરુણભાઈ અને અર્ચનાબેન | ટ્રસ્ટીશ્રી, લોકભારતી | કામ અંગેની માહિતી |
| ૧૦ | શ્રી સંજયભાઈ તલસાણીયા | આચાર્ય, ભાવનગર | વક્તા, ગાંધી-૧૫૦ |
| ૧૧ | શ્રી કાર્યકરો | ગૂજરાત વિદ્યાપીઠ આશ્રમશાળા | સંસ્થા મુલાકાત |
| ૧૨ | શ્રી કાપડિયાસાહેબ | બાગાયતી નિષ્ણાંત,મહુવા | માર્ગદર્શન |
| ૧૩ | કાર્યકરો | શ્રી કસ્તુરબા સેવાશ્રમ, નવસારી | સંસ્થા મુલાકાત |
| ૧૪ | કાર્યકરો | શ્રી લોકનિકેતન, રતનપુર | સંસ્થા મુલાકાત |
| ૧૫ | શ્રી ઉર્મિલાબહેન | ભુતપૂર્વ વિદ્યાર્થી, ભાવનગર | સંસ્થા મુલાકાત |
| ૧૬ | શ્રી હરજીભાઈ દુધાત સપરિવાર | ભુતપૂર્વ વિદ્યાર્થી, સુરત | સંસ્થા મુલાકાત |
| ૧૭ | વિદ્યાર્થીઓ | શ્રી ઓમકાર સ્કુલ, રંઘોળા | સંસ્થા મુલાકાત |
| ૧૮ | ડૉ. સુરેન્દ્ર રાનડે | તજજ્ઞ, મુંબઈ | ગોશાળા વિકાસ માર્ગદર્શન |
| ૧૯ | શ્રી ધર્મેશભાઈ દવે | પીજીવીસીએલ એન્જિનિયર, ભાવ. | સંસ્થા મુલાકાત |
| ૨૦ | શ્રી બાબુભાઈ લાઠીયા | ભુતપૂર્વ વિદ્યાર્થી, ભાવનગર | સંસ્થા મુલાકાત |
| ૨૧ | શ્રી શૈશવ સંસ્થા | ભાવનગર | ગ્રિષ્મ શિબિર |
| ૨૨ | શ્રી હસુભાઈ યાજ્ઞિક | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૨૩ | શ્રી ઉષાબેન ઉપાધ્યાય | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૨૪ | ડૉ. મણીલાલ હ. પટેલ | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૨૫ | ડૉ. બળવંતભાઈ તેજાણી | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૨૬ | ડૉ. અરુણભાઈ દવે | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૨૭ | ડૉ. અજયસિંહ ચૌહાણ | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૨૮ | ડૉ. વિપુલભાઈ પુરોહિત | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૨૯ | ડૉ. નીતિનભાઈ ભીંગરાડિયા | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૩૦ | ડૉ. અનિરુદ્ધસિંહ ગોહિલ | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૩૧ | ડૉ. પ્રવિણભાઈ વાઘેલા | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૩૨ | ડૉ. ઘનશ્યામસિંહ | તજજ્ઞ, વાંચન શિબિર | વાંચન શિબિર |
| ૩૩ | શ્રી ભોજકભાઈ તથા સપરિવાર | સંગીતકાર | સંસ્થા મુલાકાત |

| | | | |
|---|---|---|---|
| ૩૪ | કાર્યકરો | પીડીલાઈટ કંપની,મુંબઈ | કૃષિ બાગાયત કામગીરી |
| ૩૫ | ભાવનગરની ડાયટ ટીમ | ટીમ | સંસ્થા મુલાકાત |
| ૩૬ | શ્રી પાર્થેશભાઈ, શિવાનીબેન | અમદાવાદ | સંસ્થા મુલાકાત |
| ૩૭ | શ્રી વિશાલભાઈ જોષી | લોકભારતી કાર્યકર | વક્તા, ગુરુપૂર્ણિમા |
| ૩૮ | શ્રી અવનીબેન રાવળ,<br>શ્રી અચર્નાબેન દવે | ભાવનગર | રક્ષાબંધન |
| ૩૯ | શ્રી ગ્રિષ્માબહેન,<br>શ્રી ભાવીનભાઈ | પીડીલાઈટ કંપની | કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાત |
| ૪૦ | કાર્યકરો | હુન્નરશાળા, ભુજ | કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાત |
| ૪૧ | શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી<br>શ્રી ગોપાલભાઈ મેઘાણી | સાહિત્ય/લેખક | સંસ્થા મુલાકાત |
| ૪૨ | શ્રી દમયંતીબેન(દમુબેન) | - | સંસ્થા મુલાકાત |
| ૪૩ | શ્રી ફાલ્ગુનીબેન પારેખ | - | સંસ્થા મુલાકાત |
| ૪૪ | શ્રી ઉષાબેન | - | સંસ્થા મુલાકાત |
| ૪૫ | શ્રી સવાણીભાઈ | - | સંસ્થા મુલાકાત |
| ૪૬ | શ્રી મેરામણભાઈ ગઢવી | લોકગાયક | લોક સંગીત કાર્યક્રમ |
| ૪૭ | શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી | - | કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાત |
| ૪૮ | શ્રી મહેતાસાહેબ | અધ્યાપક, આણંદ | કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાત |
| ૪૯ | શ્રી નલીનભાઈ પંડિત | વિદ્યા મંડળ સભ્ય, ભાવનગર | સંસ્થા મુલાકાત |
| ૫૦ | શ્રી અજીતભાઈ દોશી | દાતા, મુંબઈ | સહાય આપવા |
| ૫૧ | શ્રી વરુણકુમાર | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવ. | કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાત |
| ૫૨ | શ્રી નીતિનભાઈ દેસાઈ<br>શ્રી વિજયભાઈ કૌશલ | અગત્સ્ય સંસ્થા | સંસ્થા મુલાકાત |
| ૫૩ | શ્રી કવિતાબેન | ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન, મહુવા | કૃષિ બાગાયત કેન્દ્રની મુલાકાત |

આ બંને સંસ્થાઓમાં અનેક મહાનુભાવો તેમજ ખેડૂતો સંસ્થા મુલાકાતે આવી ગયેલ.

સંકલન
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
નિયામક,
ગ્રામદક્ષિણામૂર્તિ

## (૦૫) ખેડૂતોને યે સવારે "વોકીંગ"ની જરૂર કેમ પડવા માંડી ?

- હીરજી ભીંગરાડિયા

હમણા આઠેક દિવસ પહેલાં થોડા કામ સબબ હું ગઢડામાં મારા ડૉક્ટર મિત્ર શેટા સાહેબની લેબનાં પગથિયા ચડતો હતો ત્યાં ગઢાળી ગામનું મારું એક ઓળખીતું ખેડૂત કપલ બારણાંમાં જ સામું મળ્યું. મેં એમને પૂછ્યું કે "કેમ ભાઈ ! શું થયું છે ? કેમ તમારે આ લેબોરેટ્રીની મુલાકાતે આવવું પડ્યું ?" તો કહે, "બીજો તો કોઈ વાંધો નથી, પણ આ ડાયાબીટીસ વાંહે થયો છે એટલે લોહી-પેશાબનો રિપોર્ટ કરાવવા આવ્યા હતા." મેં વળી પૂછ્યું, "કોને, તમને છે ડાયાબીટીસ ?" તો કહે, "એકને હોય તો તો કંઈકે ઠીક, આ તો પતિ-પત્ની બેઉને વળગ્યો છે!" મનમાં થયું, ખરું કહેવાય! ખેડૂત જેવા ખેડૂતને અને એય પાછો પતિ-પત્ની બન્નેને? મારે અર્ધોએક કલાક ત્યાં રોકાણ થઈ એ દરમ્યાન રળિયાણાથી અરજણભાઈ આવ્યા. દેરાળાના ઝીણીબેન આવ્યા. લીંબાળાથી તો એક મોટરસાયકલ પર એક બેન અને બે ભાઈ - એમ ત્રણ જણ ઉતર્યા અને એય લેબમાં દાખલ થયાં. બધાં મારાં ઓળખીતા હતાં એટલે પૂછપરછ કરતા ખ્યાલ આવ્યો કે અહીં રિપોર્ટ કરાવવા આવેલા ૭ જણમાંથી માત્ર બે તાવવાળાને બાદ કરતાં બાકીના ૫ જણાં તો ડાયાબીટીસ કેટલો છે તેની તપાસાર્થે જ આવેલા હતા ! અને ડૉક્ટરનું કહેવાનું પણ એવું જ થયું કે "હા, મારે ત્યાં તપાસાર્થે આવતા દરદીઓમાં અરધા ઉપરાંત ડાયાબીટીસવાળા જ હોય છે." એવો જ સવાલ મેં ઢસાની લેબવાળા ડૉક્ટર મિત્રને પૂછ્યો હતો અને એણે પણ આવો જ જવાબ આપ્યો હતો.

**શું પહેલાંના વખતમાં પણ આવું જ હતું ?** ના, આવું નહોતું. તમે તપાસ કરજો! ૮૫-૯૦ વરસના ખેડૂત કુટુંબના કોઈ દાદા-દાદી મળી જાય તો પૂછી જોજો કે "તમને ડાયાબીટીસ છે ?" તો કહેશે કે "એ વળી શું ?" હા, કોઈ કોઈને આંખે મોતિયાંનું ઓપરેશન કરાવવું પડ્યું હોય કે કોઈ કોઈના દાંત પડી જતાં મોઢામાં ચોકઠું લગાવવું પડ્યું હોય તેવું ભળાશે. પણ એ તો ઉંમરનું કારણ ગણાય. જ્યારે ડાયાબીટીસ એ બેઠાડું જીવન અને શ્રમ પ્રત્યેની સુગ તથા જીભને ગમે તેવા ચટાકેદાર ખોરાકો આરોગ્યે રાખવાનું જ ચોક્કસ કારણ હોઈ શકે એવું ડૉક્ટર લોકોનું કહેવાનું થાય છે.

આજથી સાંઈઠેક વરસ પહેલાં જ્યારે મારી ઉંમર દસેક વરસની હતી ત્યારે અમારા ગામની બાજુના અણિડા ગામે રહેતા મગનદાદા શેઠને જમણા પગનો અંગુઠો પાકેલો. લાંબા સમય સુધી રૂઝ નહીં આવતા લોકો વાતો કરતા કે "બહુ સુખિયા અને બેઠાડું લોકોમાં આવતો "મીઠી પેશાબ"નો રોગ મગનદાદા શેઠને વળગ્યો છે, ઈ ઘાંયતાંય મટે નહીં!" અને સાચ્ચે જ એવું બનેલું કે એ દર્દે શેઠદાદાનો જીવ લઈને જ છૂટકો કરેલો.

પણ સામાન્ય રીતે ખેડૂતો, કારીગરો કે મજૂરો જેવા મહેનતકશ લોકોમાં પુરુષોમાં તો શું, પણ સ્ત્રીઓમાં પણ દર્દો સાવ ઓછાં હતાં. અને એમાંયે ડાયાબીટીસને તો કોઈ ઓળખતું જ નહોતું. કારણ કે બધા માણસો જાતે કામ કરનારા હતા. અને જાતે કામ કરવામાં જ જરૂરી શરીરશ્રમ મળી રહેતો. એટલે શરીરશ્રમ કરનાર વ્યક્તિ પાસે એ દર્દને આશરો જ નહોતો.

**કેમ ? કારણ કે "શરીર શ્રમ" જ શરીર સ્વાસ્થ્યનું રખોપું કરનારું "બફ્ફર" છે.:** તમે જુઓ ! ખેડૂતોમાં ખેતીકામો પાછળ પરસેવે નીતરી જવાય એટલી પંડ્યમહેનત, અને એ પણ કલાક-બે કલાક નહીં, આખો દાડોએ ઓછો પડતો એટલે તો ઉગ્યા પહેલાં બે કલાક અને આથમ્યા પછીયે બે કલાક મળી ૧૨ ને બદલે ૧૬-૧૬ કલાક જે આદમી કોદાળીથી જમીન ખોદવા, માટી-ખાતરના સુંડલા ઉચકાવી ગાડામાં ભરવા, કૂવો ગાળવાનો થાય ત્યારે ત્રિકમ-પાવાડાથી તો ઠીક, પણ પથ્થર તોડવા ફીણા ઉપર ઉલળી ઉલળીને ઘણના ઘાવ જીંકવા કે કૂવાનો એ ગાળ બહાર કાઢવાનો હોય, વાડી બાંધવાની હોય, કોસ ચલાવવાનો હોય, કૂવામાં ચડ-ઉતર કે ધરતી ખેડવા હળ હાંકવાનું હોય-એ બધા કાર્યોમાં પરસેવે રબઝેબ થઈ જવાય એવો શરીરશ્રમ જેને કરવાનો થતો એ ખેડૂત આદમીના

શરીરમાં પ્રવેશવાની વાત ક્યાં કરો છો? એની ઢુંકડો યે આવવાનો ડાયાબીટીસ વિચાર સુદ્ધાં ન કરી શકતો.

અમારા કુટુંબમાં રાજાદાદા થઈ ગયા. તે દિવસોમાં અમારા વિસ્તારમાં ખેડૂતો વાઢનું મોટું વાવેતર કરતા અને વાડીએ જ ચીચોડો માંડી ગોળ બનાવતા. ચીચોડો બળદથી ચાલતો પણ શેરડીના સાંઠા-રાડાં પડામાંથી ચીચોડા સુધી વેઈ લાવવાનું કામ આદમીને કરવું પડતું. એ વખતે ત્રણ-ચાર આદમી બળ કરીને રાજાદાદાને કંધોલે શેરડીનો મોટો ભારો ચડાવી દેતા, અને દાદા એ ભારો પડામાંથી ચીચોડે જઈ ઉતારે એટલે રાડાનો એવડો ઢગલો થઈ જાય કે રાજાદાદાના એ એક જ ભારે રસની આખી કુંડી છલકાઈ જતી! એક બેઠકે ભેલું ગોળ ખાઈ જવા છતાં ડાયાબીટીસ એમના શરીરે અડકી નહોતો શકતો! કોઈ ખેડૂત જુવાનને ખભ્ભે હળ નાખી પેડલ-સાયકલ ઉપર ખેતરે લઈ જતાં નિહાળ્યો છે કોઈએ? મેં જોયો છે. અરે! મારા સહાધ્યાયી અંબાશંકર પનોતના ભાઈને કુતરું બટકું ભરી ગયું. હવે ? ઘડીક તૂ... તૂ...તૂ.. કરી ફોલાવી કુતરાને પકડ્યું અને બે હાથે નીચલા ઉપલા બન્ને જડબાંને પહોળા કરી એવું બળ કર્યું કે મોઢાનાં બે ફાડિયા થઈ ગયાં! અમારા જૂના ગામ ચોસલામાં માવજી પટેલ હતા, જે એકલપંડ્યે બળ કરી ગાડું ઊંધું નાખી દેતાં ને પાછું સવળુંયે કરી દેતા બોલો! અરે!મોરસિયું (૧૦૦ કિલો વજન) કાંખમાં નાખી મેડીનો દાદરો ચડી જાય એવી રાક્ષસી તાકાત આપણા ખેડૂતોમાં હતા. તમે જ કહો, આટલો શરીરશ્રમ જ્યાં થતો હોય ત્યાં ડાયાબીટીસ જેવા દરદોના થોડા દેન છે કે આમાના ઘરનું પગથિયું ચડે?

અને એવું જ ખેડૂતની સ્ત્રીઓને પહેલા કેવું કામ રહેતું એ બાબતે કોઈ વૃદ્ધ માજીને પુછી જોશું તો તરત કહેવાનાં "અરે અમારા તેદુના કામની વાત કરું તો અટાણે તમને ગળે નહીં ઉતરે ગગા! માથે ગોળી-હાંડાની હેલ્ય ઉપાડી પાણી ભરવામાં તો માથે ટાલ્યું પડી જાતી, ઢોરાંના નીરણ-પાણીને છાણ-વાસીદાં કરવાં અને દૂઝણા દોહી, ઘમ્મર વલોણા ઊભા ઉભા નેતરાં ખેંચી છાસ ફેરવવાનું પતે એટલે ઘર.૨ ઘંટીએ પરસેવે નીરતી જવાય એટલું અનાજ દળ્યા પછી પાછા ઘર આખાના રોટલા બનાવીને સૌને શિરામણ કરાવી લેઉ એતો ખેડૂત સ્ત્રીઓ માટે દિ' ઉગ્યા પહેલાંનાં ઘરકામ ગણાતાં. વાંકા વાંકા સંજવારી કાઢવી કે ફળિયું વાળવું જેવા કામો કર્યા ન કર્યા ત્યાં વાડી-ખેતરે જવાનો વખત થઈ જાય. ધબાલો એ મેલા કપડાની ધોણ્ય તો કાઢશું બપોર વચાળે જ્યારે માટીડો અને બળદિયા બે ઘડી તડકાની ભમ્મર ભાંગવા વિહામો લેતા હશે ત્યારે એમ કરી ઉપડી જઈએ આદમીની હારોહાર વાડીએ! અને-નીદવું, પારવવું, લણવું, વાઢવું, ઉપણવું, ખળુ લેવું જેવા ખેતીકામોમાં પણ હારોહાર પેટી વાળીને જોડાઈ જતાં. અમારે આ ૧૨ કલાકના અજવાળાવાળો દન તો નાનો પડતો ગગા! એટલે તો અમે બૈરાઓ ભરકડે (વહેલી સવારના ૪ વાગ્યે) છોકરાઢિબણિયું તારોડિયું ઉગ્યે જાગી જતાં ને દન આથમ્યા પછી પાછાં ખેતરેથી ઘેર આવી ઢાંઢા-ઢોરાંને નીરણ કર્યા પછી દૂઝણા દોહી, રોટલા-ખીચડી-કઢી ને દૂધે બધાને વાળુ કરાવ્યા પછી વાસણ-કુસણ ને ઢાંકો ઢુંબો જેવા કામમાંથી પરવારીએ ત્યાં રાતના દસ વાગી ગયે માંડ પગ વાળીને બેસવા કે લાંબા થવાનો વારો આવતો!" લ્યો બોલો ! જ્યાં શરીરને શ્રમ જ એટલો પડ્યો હોય કે થાકના માર્યા એક ઊંઘે જ સવાર પડવાનું હોય, કે જ્યાં સપનાને આવવાનોય ગાળો ન રહેતો હોય ત્યાં ડાયાબીટીસ થોડી ઢુંકડી આવે, તમે જ કહો!

**પણ...** આજ સમય બદલાયો છે. એ શરીરશ્રમ ગયો, એ શ્રમની ભાવના ગઈ અને શ્રમની ટેવ પણ ગઈ, અને કહોને શ્રમ પ્રત્યેની એક પ્રકારની સૂગ દાખલ થઈ ગઈ ! એટલે તો ૧૦૦ કિલો ભરતીના કાળીધારીના કોથળામાં અનાજ-દાળ-ચોખા-ખાંડ હવે કોઈ ઉપાડનારા ન રહ્યા, તેથી ૫૦ કિલોની બેગો-થેલાઓ નીકળ્યા અને હવે તો ૫૦ કિલોય વજનદાર લાગવા માંડતાં ૨૫ અને ૨૦ કિલોન પેકીંગમાં માલની હેરાફેરી શરૂ થઈ છે.

આનુ કારણ શું આનું કારણ બસ આપણાંમાં શ્રમ કરવાની આદત છૂટી રહી છે તે જ છે. અને અધુરામાં પુરું, આ ૨૧મી સદીમાં બાળકો-યુવાનોમાં અપાઈ રહેલું શિક્ષણ પણ શરીરશ્રમથી વિખૂટા કરવાનું જ અપાઈ રહ્યું છે. "તમારા બાળકનું મોઢું અમે ધોઈ દેશું,, નખ અમે કાપી દેશું, વાળ અમે હોળી દેશું, ખવરાવી અમે દેશું અને વાસણ પણ અમે જ ઉટકી દેશું, અને અમે જ પથારી પાથરી દઈ-સુવરાવી પણ દેશું. તમારા બાળકના ખર્ચ પેટે માત્ર તમારે

દોઢલાખ રૂપિયા મોકલવાના રહેશે.'' આવું ચોખ્ખું ભણતરના હાટડાંવાળા કહે છે અને આપણને આ ભણતર ઉત્તમ લાગે છે, એટલે તો આવી સ્કૂલોમાં ડુંટીએથી નાળ ન ખડ્યો હોય તેવા બાળકોને દાખલ કરી ગર્વ અનુભવીએ છીએ ખરુંને મિત્રો!

હવે તમે જ કહો ! જે બાળકને પોતા પુરતુંયે કામ કરવાની ન સમજણ આપી હોય કે ન આદત ઊભી કરી હોય, તે શાળા કે કોલેજમાંથી ભણીને બહાર આવ્યા પછી ટાઢાં છાંયાની ખુરશી ઉપર બેસવાની નોકરી સિવાય બીજું શું કરી શકવાના? એ બધા તો શરીરશ્રમથી દૂર જ ભાગતા રહેવાનાને? બસ, શરીરને આલ ન પડે એવી નોકરીની શોધામાં જ રહેવાના, અને એવી નોકરી કંઈ દરેક જણને થોડી મળવાની છે? એટલે આજનું શિક્ષણ ભણેલા બેકારોની ફોજ ઊભી કરી રહ્યું છે.

વાત કરું આપને ? ૧૯૬૨માં લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં હું ભણતો હતો ત્યારે આ.શ્રી મનુભાઈ પંચોલીને એવી વાત કરતા સાંભળ્યા છે કે ''વાળંદ અને વકીલ બન્ને મહેનતાણુ તો સરખું જ મેળવવાને હકદાર છે.'' એ વાત આજે સિદ્ધ થયેલી ભળાઈ રહી છે. આજે કોઈપણ કારીગર, પછી તે ચણતર કરનાર કડિયો હોય કે સુથાર-લુહારી કામ કરનાર, અરે! સિવણકામ કરનાર દરજી ભલેને હોય! આ બધા જ શ્રમીકો એક દિવસ કામ કરવાનું ૬૦૦-૭૦૦ રૂપિયાનું રોજ પાડી લે છે. એટલે કે ૧૮૦૦૦ થી ૨૧૦૦૦ રૂપિયા માસિક મહેંતાણું મેળવે છે. જ્યારે ભણીને બી.એડ્.ની ડીગ્રી પ્રાપ્ત કરેલ જણ મહિનાના ૫-૭ હજારમાં કામ કરવા પડાપડી કરે છે!! આજના આ ભણેલ કરતાં શ્રમિક કેટલી ચડિયાતી રીતે આજીવિકા મેળવવા સક્ષમ બને છે તેનું આ ઉદાહરણ છે.

ખેડૂતોમાં શરીરની નરવાઈ બગડવાનું એક બીજું પણ કારણ છે- ખેડૂત કુટુંબોમાં પણ ખોરાકી ચીજોમાં આવેલો બદલાવ. એ જમાનામાં બધું શુદ્ધ અને ચોખ્ખું વપરાતું. ઘરનાં દુજાણાં હોય એટલે દૂધ-દહીં-માખણ-ઘી-છાસ, ઘરનાં જ ખાવા મળતાં. વાડીના જ વાઢના ઘેરામાંથી જાતે બનાવેલ ઘરનો ગોળ, વાડીમાં જ પાકેલ બિનઝેરી અનાજ, કઠોળ, તેલિબિયાં તેમજ શાકભાજી અને ફળો સહજ રીતે ખાવા મળતાં. જેના હિસાબે માંદા પડવાનું ઓછું બનતું.

જ્યારે આજે ? ખેડૂતોમાં દર્દોએ પ્રવેશવાનું કંઈ હમણા તાજેતરમાં કે બે-પાંચ વરસમાં જ એકદમ શરૂ થઈ ગયું છે એવું નથી, પણ ધીરે ધીરે સમય બદલાતાં સૌ કોઈની જેમ ખેડૂતોમાં પણ પૈસે-ટકે થોડા પહોંચતા હતા તેમણે શરૂઆતમાં ખેતીકામમાં ટેકો કરવા અને એમ કરતા કરતા પોતે શરીરથી કામ બંધ કરી, માત્ર મજૂરો પાસેથી જ કામ કરાવવાનું શરૂ કર્યું. આજે ૭૦ ટકા ખેડૂતો પોતે શરીરશ્રમથી વિમુખ બની, માત્ર ભાગિયા મજૂરોથી જ ખેતી કરાવવામાં માતમ અને મોટપ સમજવા માંડ્યા છે. પોતાના જીવનમાંથી શરીરશ્રમ સાવ ગયો અને બીજી બાજુ એકલા રાસાયણિક ખાતરો અને ઝેરીલી પેસ્ટીસાઈડ્ઝના જોરે તૈયાર થયેલ ખેત પેદાશોને જ ખાવાનું બનવા લાગ્યું, અરે ! પોતાના ઘર પૂરતું પણ શુદ્ધ અનાજ-શાકભાજી કે દૂધ સુદ્ધાં પેદા કરવાનું ટાળી દીધું છે ને ! એટલે દર્દોને શરીરને બે બાજુથી ભીંહડીયામાં લેવાનું વધું ફાવ્યુ. કમરના દુઃખાવા, ગોઠણના દુઃખાવા, પેટ મોટાં થવાં અને હૃદયરોગ તથા ડાયાબીટીસ તો આવ્યા પણ ''શેત્રુંજીમાં ગાગડિયો ભળે'' એમ શ્રમની ઉણપ અને નમાલા ખોરાક સાથે તમાકુ- માવા- ગુટકાનું ત્રીજું ઉમેરાયું દૂષણ એવું વ્યસન! તેથી હવે કેન્સર જેવા જીવલેણ દર્દોને ખેડૂતોનાં શરીરમાં પ્રવેશવા માટે રેઢું પડ મળી ગયું છે.

**જોકે :** આજે પણ હજુ વ્યવસ્થિત શ્રમ કરનારા માણસોમાં- કારીગરો-મજૂરો-કે પંડ્યે ખેતી કરતા હોય તેવા ખેડૂતોના શરીર ઢીલાઢફ નહીં, પણ પૂરા જોમદાર, કસાએલ અને ડીફ્ફા જેવા નરવ્યા ભળાઈ રહ્યા છે, એ કોઈને વહેલી સવારે ઉત્પાદન શ્રમની અવેજીમાં વોકીંગ એટલે કે ''ચાલવા જવા'' જેવા કૃત્રિમ અને બિન ઉત્પાદક શ્રમ કરવા ઊભા રોડે ચડાવાની જરૂર નથી પડતી.

ત્રણ-ચાર વરસ પહેલાં હું ચીન ગયો હતો અને અઠવાડિયું ખેડૂતોની વચ્ચે જ રોકાયો હતો. ત્યાં કોઈ મોટા પેટવાળા જણ જ નજરે ન ચડ્યા. અરે! અને ખેડૂત સિવાયના નોકરિયાતોમા પણ ઓફિસો, બેંકો, કચેરીઓ કે એરપોર્ટ સુદ્ધાં કોઈ જગ્યાએ વર્કરોને બેસવાની ખરશી ન ભાળી ! ઊભા સૌને કામ કરતા ભાળ્યાં. અરે! અહીં થોડા દિવસો

**(અનુસંધાન પાના નં. ૩૫૪ ઉપર)**

## (০৬) સંસ્થા સમાચાર - ફેબ્રુઆરીઃ ૨૦૧૯

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- તા.૧-૨ના રોજ ગ્રામભારતી અમરાપુર ખાતે યોજાયેલ 'નઈ તાલીમ અધિવેશન' માં કેટલાક કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧-૨ દરમિયાન બી.એડ.બેઝિક દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ પ્રજ્ઞા પ્રોજેકટના મૂલ્યાંકન સંદર્ભે પોરબંદર, બનાસકાંઠા, ડાંગ અને નર્મદા જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળામાં જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક અને એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝના એગ્રોસેલ ડીવીઝનના સીઈઓ શ્રી હરિહરનજી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ સાથે લોકભારતીની મુલાકાતે તા.૦૨ના રોજ આવી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૧ના રોજ ભાવનગર જિલ્લા કલેકટર કચેરીએથી ડી.પી.ઓ.શ્રી ડિમ્પલબહેન 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ' વિષય પર, તા.૨ના રોજ શ્રી જસુભાઈ વાઘમશી 'જિલ્લા આયોજન મંડળની રચના અને તેનું માળખું' વિષય પર, તા.૧૪ના રોજ શ્રી કૃણાલભાઈ 'ઓડીટનું મહત્ત્વ' વિષય પર વ્યાખ્યાન આપવા આવી ગયા.
- તા.૦૫થી ત્રણ દિવસ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી શીલાબેન બોરીચા નવસારી ખાતે તાલીમમાં ભાગ લેવા માટે જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૦૬ના રોજ 'કલાઈમેંટ ચેન્જ'ની બાગાયત પાકો પર અસરો વિષય પર બોટાદ મુકામે એક સેમીનાર આયોજિત કરવામાં આવ્યો જેમાં ૯૩ ખેડૂતોએ ભાગ લીધો.
- તા.૦૭ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ કર્ન્વજન્સ મીટીંગમાં ભાગ લેવા માટે ગાંધીનગર જઈ આવ્યા.
- તા.૦૭ના રોજ વર્ષ ૨૦૦૩-૦૪-૦૫ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ લોકભારતી અધ્યાપન મંદિરની મુલાકાતે આવી ગયાં.
- તા.૦૮થી ૧૦ના સમયગાળા દરમિયાન બી.આર.એસ.ના પ્રથમ અને દ્વિતિય વર્ષની મધ્યસત્ર લેખિત પરીક્ષા યોજાઈ ગઈ.
- તા.૦૯ના રોજ શ્રી રમેશભાઈ દવેએ અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને કાવ્યનો આસ્વાદ કરાવ્યો.
- તા.૧૦ના બી.એડ.બેઝિકના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ સમક્ષ 'સ્વને ઓળખો' માટે શિક્ષકોની કથાઓનું રસાસ્વાદ ડૉ. મનહરભાઈ ઠાકરે કરાવ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૩ના રોજ પ્રત્યક્ષ તાલીમ માટે સણોસરા ગ્રામ પંચાયતની મુલાકાત યોજાઈ ગઈ.
- તા.૧૪ના રોજ બી.એડ.બેઝિક દ્વિતીય વર્ષના પાંચ બહેનો અને એક ભાઈ પ્રજ્ઞા પ્રોજેકટના મૂલ્યાંકનકાર્યના અનુભવો સંદર્ભની કાર્યશાળામાં સી.ઈ.ઈ.-અમદાવાદ જઈ આવ્યા.
- ગુજરાત રાજયના રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા પ્રાયોજિત, અમીપૂજા નાટયમ દ્વારા પ્રસ્તુત અને શ્રી ડૉ. જીગર પંડયા અને ડૉ. અમિત ગલાણી લિખિત અને શ્રી અનોપસિંહજી સરવૈયા દિગ્દર્શિત દ્વિઅંકી નાટક 'વાઈટ ઈઝ ન્યુ બ્લેક'નો એક નાટયપ્રયોગ લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં તા.૧૬ના રોજ રાત્રિના ૮-૦૦થી ૧૧-૦૦ દરમિયાન યોજાઈ ગયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬ના રોજ સવારમાં સમૂહ તસ્વીરનું આયોજન થયું. જેમાં શ્રી અરુણભાઈ દવેએ અને શ્રી હસમુખભાઈ

દેવમુરારિએ આશીવર્ચન પાઠવ્યા અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા.

- તા.૧૬-૧૭ના રોજ દીવ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવા માટે શ્રી મુકુંદભાઈ શ્રીમાળી જઈ આવ્યા.
- તા.૧૭ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા દ્વારા યોજાયેલ એન.એસ.એસ. શિબિરમાં વકતવ્ય આપવા માટે શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા જઈ આવ્યા.
- ડૉ. સી.પી.સિંગ કે જેઓ હવે નાગપુર સ્થાયી થયા છે, પરંતુ તેઓ ત્યાં રહીને પણ આપણા કૃષિ સંશોધન વિભાગની જવાબદારી સંભાળી રહ્યા છે, તેઓ તા.૧૯થી બે-ત્રણ દિવસ માટે લોકભારતી-માઈધાર અને મણારની માર્ગદર્શક મુલાકાતે આવી ગયા.
- શ્રી બકુલભાઈ ભટ્ટ-દંપતી અને શ્રી વિક્રમભાઈ ભટ્ટ-દંપતી તા.૨૦ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૨૦ના રોજ તળાજા તાલુકાના ઈસોરા ગામે ઘઉંનો ફિલ્ડ ડે યોજાયો. જેમાં ૪૦ ખેડૂતોએ ભાગ લીધો.
- તા.૨૧ના રોજ બી.આર.એસ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ આંબલા-નર્સરીની મુલાકાતે બાગાયત વિષયના ભાગરૂપે શ્રી યોગેશભાઈ ત્રિવેદી સાથે જઈ આવ્યા.
- તા.૨૨ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અમદાવાદ મુકામે યોજાયેલી ગાંધી-વિચાર-પ્રચાર-વિમર્શની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલી બેઠકમાં હાજરી આપવા જઈ આવ્યા.
- લોકસેવા મહાવિદ્યાલય લોકભારતીના બી.આર.એસ. અને એમ.આર.એસ. વિભાગના અધ્યાપકોની નેક-એસ.એસ.આર.ની તૈયારી માટે ફેબ્રુઆરી મહિનામાં સઘન રીતે બેઠકો યોજવામાં આવી.
- લોકભારતીની વેબસાઈટના અપડેશન માટે તા.૨૨મીના રોજ અમદાવાદ મુકામે ગોઠવાયેલી એક તાલીમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિની સાથે શ્રી સંદીપભાઈ ઉંડવિયા, શ્રી કુમારભાઈ પુરોહિત અને શ્રી જયવંતસિંહજી ગોહિલ જઈ આવ્યા.
- તા.૨૨ના રોજ શિક્ષણ નિવાસ-ફાર્મનિવાસમાં લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ ગુજરાતની જાણિતી સંસ્થાઓ, એન.જી.ઓ., ફાર્મ, ડેરી વગેરે સ્થળોએ પૂર્ણ કરી પરત આવી ગયા. આ કાર્યક્રમમાં જે તે સ્થળોની મુલાકાત માટે અધ્યાપકો પણ જઈ આવ્યા.
- ભાવનગરના અમિતિયે (ઈન્ડો-ફ્રેચ કલચરલ એકચેંજ) ગ્રુપના આયોજનમાં શ્રી ધીરેન્દ્રભાઈ વૈષ્ણવની આગેવાનીમાં ફ્રાન્સના શિક્ષણ સાથે સંકળાયેલાં સત્તરેક નાગરિકો તા.૨૩મીના રોજ લોકભારતીની અભ્યાસ મુલાકાતે આવી ગયાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૨૪ના રોજ 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ' યોજનાના શુભારંભ નિમિત્તે મા. વડાપ્રધાનશ્રીના વકતવ્ય તથા ઉદ્‌ઘાટનના જીવંત પ્રસારણમાં કુલ ૧૫૩ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- તા.૨૬ના રોજ બી.એડ.બેઝિક દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓના એમ.કે.બી. ભાવનગર યુનિવર્સિટી આયોજિત વાર્ષિક સાદાપાઠ શ્રી નવજીવન હાઈસ્કુલ લીમડા ગોઠવાયા.
- અમદાવાદ ખાતે વંચિતો સાથેની વિધ વિધ પ્રવૃત્તોમાં કાર્યરત અનારબેન જયેશભાઈ પટેલ તેમનાં બે સાથી કાર્યકર બહેનોને લઈને તા.૨૭મીના રોજ લોકભારતીની અને ખાસ કરીને શ્રી અરુણભાઈ દવેની ટૂંકી મુલાકાતે આવી ગયાં. તેઓએ આપણા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતી દર્શક લોકગંગા પ્રોજેકટ અંગે વિગતે માર્ગદર્શક માહિતી શ્રી અરુણભાઈ પાસેથી મેળવી.
- લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી ભરતભાઈ ભટ્ટ તા.૨૮મીના રોજ લોકભારતીની ટૂંકી મુલાકાતે

આવી ગયા.

- તા.૨૮ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકોએ વિવિધ ૧૧ ગામોની પ્રાથમિકશાળાઓમાં જઈને વિજ્ઞાન વિષયક વાર્તાલાપ, પ્રયોગો, વૈજ્ઞાનિક રમકડાનું નિદર્શન તેમજ ગણિતની પ્રવૃત્તિઓ કરાવી.
- તા.૨૮ના રોજ બી.એડ.બેઝિક દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓના એમ.કે.બી. ભાવનગર યુનિવર્સિટી આયોજિત વાર્ષિક પ્રવૃત્તિ પાઠ સણોસરામાં યોજાયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતો સાથે ૩ મિટીંગ યોજી જેમાં ૭૪ ખેડૂતો જોડાયા હતા. તેમજ ટેલીફોનીક હેલ્પલાઈનની મદદથી ૧૪૦ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સોઈલ હેલ્થ કાર્ડ જાગૃતિ અભિયાન અંતર્ગત તા.૧૧થી ૧૬ દરમિયાન ભાવનગર જિલ્લાના વિવિધ ગામોમાં કુલ ૧૧ વ્યાખ્યાનો યોજવામાં આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા એસ.એમ.એસ. એગ્રો એડવાઈઝરી દ્વારા ૩૯૩૬૬ ખેડૂતોને સમગ્ર માસ દરમિયાન માહિતી આપી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પશુપાલન કરતા લોકો માટે કુલ ૨૫ દિવસની તાલીમનું આયોજન આ માસ દરમિયાન કરવામાં આવ્યું.
- શ્રી અરુણભાઈ દવે તા.૧લીએ ગ્રામભારતી અમરાપુર ખાતે યોજાયેલ ગુજરાત નઈતાલીમ સંઘના દ્વિવાર્ષિક અધિવેશનમાં ઉદ્ઘાટકીય પ્રવચન આપી તા. ૪થીએ માઈધાર, તા.૫મીએ કપડવંજ અને તા.૦૬એ અમદાવાદ ખાતે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી. તા.૮મીએ વિજ્ઞાનનગરી ભાવનગર ખાતે 'મોજીલું શિક્ષણ' પરિયોજનાની આયોજન બેઠકમાં માર્ગદર્શન આપી તા. ૨૨થી ૨૬ દરમિયાન મોતીયાના ઓપરેશન સંદર્ભે ભાવનગર નિવાસ કર્યો.

**આંબલા સમાચાર**

- તા.૧-૨ના રોજ ગ્રામભારતી અમરાપુર ખાતે યોજાયેલ નઈ તાલીમ સંઘ સંમેલનમાં ભાગ લેવા માટે શ્રી રાજુભાઈ વાળા, શ્રી ગૌરાંગભાઈ તથા શ્રી રામદેવભાઈ જઈ આવ્યા.
- તા.૧૪ના રોજ રોજગાર વિભાગ -ભાવનગર દ્વારા કેરિયર ગાઈન્ડસનો કાર્યક્રમ રાખવામાં આવેલ.
- તા.૧૫થી ૨૧ દરમિયાન એન.એસ.એસ. શિબિર ગોપડેરી (રાજપરા ખો.) ખાતે યોજાઈ ગઈ. જેમાં પ્રભાત ફેરી, યોગ, ગ્રામસફાઈ, ભીંતસૂત્રો લખવા, લોકસંપર્ક, રાત્રિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. આ શિબિર દરમિયાન બૌદ્ધિક સંમેલનમાં શ્રી વિઠ્ઠલભાઈ સવાણી, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી મેહુલભાઈ હરસોરા, શ્રી દિગંતભાઈ, શ્રી રામભાઈ, શ્રી નીતિનભાઈ તથા ઉદ્ઘાટક તરીકે શ્રી દાનાભાઈ કુવાડિયા અને સમાપનમાં શ્રી ભાનુભાઈ ભટ્ટ આવેલ. પતંજલિ યોગપીઠ દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં જિલ્લા પ્રવર્તક શ્રી જિગ્નેશભાઈ પટેલ દ્વારા દરરોજ સવારે વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો વચ્ચે ૬થી ૭.૩૦ યોગ કરાવવામાં આવેલ.

  આ શિબિરમાં શ્રી રાજુભાઈ, શ્રી ગૌરાંગભાઈ, શ્રી મુકેશભાઈ તથા શ્રી સુરેશભાઈએ સતત હાજરી આપી માર્ગદર્શન આપેલ.

**મણાર સમાચાર**

- ગુજરાત નઈ તાલીમ સંઘના દ્વિવાર્ષિક સંમેલનમાં ગ્રામભારતી અમરાપુર મુકામે શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.
- તા.૪થી ૬ એમ ત્રણ દિવસ વૈદિક ગણિત વિષય ઉપરનો શિબિર ધો.૯ તથા ૧૦ માટે યોજાઈ ગયો. જેમાં પોરબંદરના નિવૃત શિક્ષક શ્રી કૌશિકભાઈ પારેખ તથા શ્રી ભાવનાબેન પારેખે માર્ગદર્શન આપ્યું. એક્યુપ્રેશર સારવાર તથા હેલ્થ માટેના હાથવગા ઉપચારો અને ઔષધિઓ વિષે

પણ માર્ગદર્શન આપ્યું.

- તા.૧૨ના રોજ પૂ. મૂળશંકરભાઈના જયેષ્ઠપુત્ર શ્રી બકુલભાઈ , શ્રી વિક્રમભાઈ તથા શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તેમના પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- તા.૧૨ના રોજ છાત્રાલયના છાત્ર-છાત્રાઓનો સરકારશ્રી તરફથી યોજાતો આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજાયો.
- માતૃભાષાદિનની ઉજવણી નિમિત્તે સુલેખન તથા આદર્શ વાંચનની સ્પર્ધા યોજવામાં આવી. જેમાં બહોળી સંખ્યામાં છાત્રોએ ભાગ લીધો. સ્પર્ધામાં જોડાયેલા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.
- સરકારશ્રી દ્વારા યોજાતી પ્રખરતા શોધ કસોટીમાં ધો.૯ના કુલ ૧૫ વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાયા. અને પરીક્ષા આપવા માટે સહજાનંદ વિદ્યાલય-બપાડા મુકામે જઈ આવ્યા.
- તળાજા તાલુકાના પીથલપુર ગામની જલારામ હાઈસ્કુલનો તમામ સ્ટાફ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયો.
- તા.૧૬ના રોજ વનસ્પિતિશાત્રના લબ્ધપ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક શ્રી દીનદિયાળ મિશ્રા અને તેમની ટીમ કૃષિ -બાગાયત કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- દરિયાળઈ શેવાળના ઉત્પાદન કરવા માટેના પ્રોજેકટની સંભાવના તપાસવા માટે મહારાષ્ટ્રમાંથી ડૉ. અરવિંદ લાલી, ડૉ. રીના તથા શ્રી જયેશભાઈ જૈન આવી ગયા. તેમને માંડવા, મીઠીવિરડી, હાથબ તથા કોળિયાકના સમુદ્રકિનારો પ્રત્યક્ષ જોવા માટે લઈ જવામાં આવ્યા. તેમજ આ માટે શ્રી વીરેન્દ્રસીંગ ૭ દિવસની તાલીમ લેવા માટે મુંબઈ જઈ આવ્યા.
- તા.૧૮ના રોજ સહજાનંદ વિદ્યાલય-બપાડાના ધો.૧૧ના એન.એસ.એસ.ના વાર્ષિક શિબિરમાં બપાસરા મુકામે તજજ્ઞ તરીકે શ્રી મહેંદીભાઈ તથા શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.
- કાશ્મીરના પુલવામામાં થયેલ આંતકી હુમલામાં ૪૦ જેટલા લશ્કરના જવાનો શહીદ થતાં તેમને પ્રાર્થનાસભામાં શ્રદ્ધાજંલિ આપવામાં આવી. શહીદોના પરિવારો પ્રત્યે સક્રિય લાગણી વ્યકત કરવા વિદ્યાર્થીઓ તરફથી ૩,૮૨૬ રૂપિયાનો ફાળો એકત્ર કરવામાં આવ્યો.
- તા.૨૪ના રોજ સંસ્થાની ગોશાળાની ગાયોની આરોગ્ય તપાસણી ડૉ.રાનડેસાહેબના માર્ગદર્શન મુજબ ગોઠવવામાં આવી.
- લોક-૧ના બ્રીડરસીડના પ્લોટમાં ઘઉંનો પાક સંપૂર્ણ તૈયાર થઈ ગયો છે. તેની મુલાકાતે આનંદ કૃષિ યુનિવર્સિટીમાંથી શ્રી જી.એમ.પટેલ તથા શ્રી પટેલસાહેબ આવી ગયા.
- મહિલાસશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત અલંગ ગામ મુકામે ત્રણ મહિલા મંડળોની તા.૨૨થી પાંચ દિવસનો ઉદ્યોગ તાલીમ શિબિર યોજાઈ ગયો.

**(અનુસંધાન પાના નં. ૩૫૦ ઉપરથી)**

પહેલાં જ અમારા મકાનની અગાસીમાં ''કટકી'' ચોડવાનું કામ કરવા ૮ રાજસ્થાની ભાઈઓ આવ્યા હતા. આઠેઆઠ જણ બહુ લોંઠકા નહીં એવા-માપસરના બાંધાના શરીરવાળા હતા પણ રેતી ભરેલાં અઢી-ત્રણ મણના બાચકાં ખભે ઉપાડી દાદરના પગથિયા જે ઝડપથી ચડી જતા હતા કે આપણે તો જોઈ જ રહેવું પડે! આ તાકાત અને નરવાઈ એના શરીરને બક્ષનાર કોઈ હોય તો તેણે પોતે જાતે કરેલો એનો ''શરીરશ્રમ'' છે. ભાઈઓ!

શરીરને આરોગ્ય સારું રાખવા અવયવોને કસરતની જરૂર છે એ વાત નક્કી જ છે મિત્રો, ત્યારે હવે આપણે જ નક્કી કરવાનું રહ્યું કે આપણે આપણી ખેતીમાં થોડું-ઘણું ઉપયોગી-ઉત્પાદન કામ કરીને શરીરને કસરત કરાવવી છે કે રોડ ઉપર ચાલવા જવા જેવા બિન ઉત્પાદક અને નકલી શ્રમ-'વોકીંગ' કરવાનું ચાલુ રાખીને ? આપણે જ વિચારીએ.

પંચવટી બાગ, માલપરા જિ.બોટાદ ૯૩૨૭૫૭૨૨૯૭